
# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૦ * અંક-૧૦ * જૂન, ૨૦૧૬




શ્રી ધરસેનાચાર્યને, કીની કૃપા મહાન,
ભૂતબલિ પુષ્પદંતકો, દિયા શ્રુતામૃત જ્ઞાન,
ષટ્ખંડાગમ રચ દિયા, યુગલ શ્રી મુનિરાજ,
ગુરુ-માતા અરુ હમ સભી, પૂજૈં શ્રી શ્રુતરાજ.

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● આ જીવને ઉત્તમ ધર્મના પ્રસાદથી અગ્નિ પણ શીતળ પાલો થઈ જાય છે, સર્પ તે ઉત્તમ રત્નમાળા સમાન થઈ જાય છે તથા દેવ છે તે પણ કિંકર—દાસ બની જાય છે. ૧૫૫૦. (સ્વામીકાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા-૪૩૨)

● હું પરજીવોને દુઃખી કરું છું, સુખી કરું છું ઈત્યાદિ તથા બંધાવું છું, મુકાવું છું ઈત્યાદિ જે આ અધ્યવસાન છે તે બધુંય, પરભાવનો પરમાં વ્યાપાર નહિ હોવાને લીધે પોતાની અર્થક્રિયા કરનારું નહિ હોવાથી, 'હું આકાશના ફૂલને ચૂંટું છું' એવા અધ્યવસાનની માફક મિથ્યારૂપ છે, કેવળ પોતાના અનર્થને માટે જ છે (અર્થાત્ માત્ર પોતાને જ નુકશાનનું કારણ થાય છે, પરને તો કાંઈ કરી શકતું નથી). ૧૫૫૧. (શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૨૬૬)

● ધર્માત્મા પ્રાણીને ઝેરી સાપ હાર બની જાય છે, તરવાર સુંદર ફૂલોની માળા બની જાય છે, ઝેર પણ ઉત્તમ ઔષધિ બની જાય છે, શત્રુ પ્રેમ કરવા માંડે છે અને દેવ પ્રસન્ન થઈને આજ્ઞાકારી થઈ જાય છે. ઘણું શું કહેવું ? જેની પાસે ધર્મ હોય તેની ઉપર આકાશ પણ નિરંતર રત્નોની વર્ષા કરે છે. ૧૫૫૨.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, ધર્મોપદેશામૃત, શ્લોક-૧૯૧)

● યદિ વાસ્તવમેં દુઃખ અચ્છા નહીં લગતા હૈ તથા યદિ સુખ પ્યારા લગતા હૈ તો સંસારકો જીતનેવાલે જિનેન્દ્રોંકે સચ્ચે ધર્મકો પાલો. ૧૫૫૩.

(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૭૦)

● જ્યારે જે લોકવ્યવહારમાં સુખ કહેવામાં આવે છે વાસ્તવમાં તે સુખાભાસરૂપ સુખ દુઃખ જ છે તો પછી જે લોકમાં રૂઢિવશ પણ દુઃખ કહેવામાં આવે છે તેના વિષયમાં નિર્ણય થવામાં શું કહેવું જોઈએ ? ૧૫૫૪.

(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા—૨૫૩)

● જે મોક્ષના અભિલાષી અને સંવરના અર્થી છે તેણે સમસ્ત અચેતન પદાર્થ-સમૂહ ત્યાગવાયોગ્ય છે અને પોતામાં સ્થિત ચેતન સદા સેવવા યોગ્ય છે. ૧૫૫૫. (શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, સંવર અધિકાર, ગાથા-૬૧)

● જે આગળ દેખતો થકો માર્ગમાં (ધ્યેય તરફ) ચાલ્યો જાય છે, તેના પગમાં કદાચિત્ કાંટો લાગી જાય તો લાગો, તેમાં તેનો દોષ નથી. (પૂર્વકૃત કોઈ અશુભ ઉદય આવી પડે તેમાં વર્તમાન આરાધનાનો દોષ નથી.) ૧૫૫૬.

(મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા-૪૭)

દંસણમૂલો ધમ્મો। ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે.
વર્ષ–૧૦
અંક–૧૦
આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર
વિ. સંવત ૨૦૭૨
June A.D. 2016

ભગવાન શ્રી ધરસેનાચાર્ય અને આચાર્યદેવો શ્રી ભૂતબલિ તથા શ્રી પુષ્પદંતની પરમોપકારી કરુણાથી પુસ્તકારૂઢ થયેલ

# શ્રી ષટ્ખંડાગમ જયવંત રહો




શ્રુતપંચમી (જેઠ સુદ ૫)નો મહામાંગલિક દિવસ–તે દિવસે શ્રુત પૂજા કરી શ્રુતજ્ઞાનની રુચિ વધારો.

સોરઠદેશમાં ગિરનાર પર્વતની ચન્દ્રગુફામાં એક મહામુનિ ધરસેનાચાર્ય ધ્યાન કરતા હતા. તેઓ અંગો અને પૂર્વોના એકદેશના જ્ઞાતા હતા. તેઓ વિદ્વાન અને શ્રુત-વત્સલ હતા.

તેમને એવો ભય ઉત્પન્ન થયો કે હવે અંગશ્રુત વિચ્છેદ થઈ જશે, તેથી ધર્મોત્સવ વગેરે માટે મહિમા નામના શહેરમાં સંમિલિત થયેલા દક્ષિણ દેશના નિવાસી આચાર્યોને એક પત્ર મોકલ્યો. તે પત્રમાં લખેલા ધરસેનાચાર્યના વચનોને સારી રીતે સમજી, તે આચાર્યોએ શાસ્ત્રના અર્થને ગ્રહણ અને ધારણ કરવામાં સમર્થ, અનેક પ્રકારના ઉજ્વળ

અને નિર્મળ વિનયથી વિભૂષિત, શીલરૂપી માળાનાધારક, ગુરુએ મોકલવારૂપ ભોજનથી તૃપ્ત, દેશ, કાળ અને જાતિથી શુદ્ધ, સમસ્ત કળાઓમાં પારંગત અને આચાર્યોની ત્રણવાર આજ્ઞા લીધેલા એવા બે સાધુઓને આન્ધ્ર દેશમાં આવેલી વેણાનદીના તટથી મોકલ્યા.

માર્ગમાં એ બે સાધુઓને આવતી વખતે, કુન્દના પુષ્પ, ચંદ્રમા અને શંખની સમાન સફેદ રંગવાળા, સમસ્ત લક્ષણોથી પરિપૂર્ણ, ધરસેનાચાર્યને ત્રણવાર પ્રદક્ષિણા દઈ અંગે નમ્રતા ધારણ કરી આચાર્યના ચરણમાં પડતા એવા બે બળદોને ધરસેન ભટ્ટારકે રાતના પાછલા ભાગમાં સ્વપ્નામાં જોયા. એ પ્રકારના સ્વપ્નાને દેખી સંતુષ્ટ થઈ ધરસેનાચાર્ય 'શ્રુતદેવતા જયવંત હો' એવું વાક્ય બોલ્યા.

તે જ દિવસે દક્ષિણદેશથી મોકલેલા એ બન્ને સાધુ ધરસેનાચાર્ય પાસે પહોંચ્યા. તેઓએ ધરસેનાચાર્યને પાદવંદના આદિ કૃતિકર્મ કર્યું. બે દિવસ વીતાવી ત્રીજે દિવસે એ બન્નેએ ધરસેનાયાર્યને નિવેદન કર્યું કે આ કામ માટે અમે બંને આપના પાદમૂળમાં હાજર થયા છીએ. એ બંને સાધુઓએ એ પ્રકારે નિવેદન કરતાં 'સારું, કલ્યાણ થાઓ' એમ કહી ધરસેન ભટ્ટારકે એ બંને સાધુઓને આશ્વાસન આપ્યું.

ત્યારબાદ, ધરસેનાચાર્યે તેમની પરીક્ષા કરવાનો વિચાર કર્યો, કેમકે ઉત્તમ પ્રકારે કરવામાં આવેલી પરીક્ષા હૃદયમાં સંતોષ ઉત્પન્ન કરે છે. પછી ધરસેનાચાર્યે એ બંને સાધુઓને બે વિદ્યાઓ આપી. તેમાંથી એક અધિક અક્ષરવાળી હતી અને બીજી ઓછા અક્ષરવાળી હતી. એ બે વિદ્યાઓ આપી કહ્યું કે—બે દિવસમાં ઉપવાસ કરી તેને સિદ્ધ કરો.

જ્યારે તે બે સાધુઓને વિદ્યા સિદ્ધ થઈ ત્યારે વિદ્યાની અધિષ્ઠાત્રી દેવીને દીઠી, તેમાંથી એક દેવીના દાંત બહાર નીકળ્યા હતા અને એક કાણી હતી. 'વિકૃતાંગ હોવું એ દેવતાઓનો સ્વભાવ નથી' એમ એ બંને સાધુઓએ વિચાર કરી મંત્ર સંબંધી વ્યાકરણ શાસ્ત્રમાં કુશળ તે બન્ને સાધુઓએ ઓછા અક્ષરવાળી વિદ્યામાં અધિક અક્ષર મેળવી તથા અધિક અક્ષરવાળી વિદ્યામાંથી અક્ષર કાઢી મંત્રને ભણી ફરીને તે વિદ્યા સિદ્ધ કરવા પ્રારંભ કર્યો તેથી તે બન્ને વિદ્યાદેવીઓ પોતાના સ્વભાવ અને સુંદર રૂપમાં દેખાણી.

ત્યારબાદ, ભગવાન ધરસેનાચાર્ય સમક્ષ યોગ્ય વિનય સહિત એ બંનેએ વિદ્યા-સિદ્ધિ સંબંધી સમસ્ત વૃતાંત નિવેદન કર્યું, તે ઉપરથી સંતુષ્ટ થઈ ધરસેન ભટ્ટારકે શુભ તિથિ, શુભ નક્ષત્ર અને શુભવારે ગ્રંથ (શ્રુત) ભણાવવાનો પ્રારંભ કર્યો. એ પ્રમાણે ક્રમથી વ્યાખ્યાન કરતાં ધરસેન ભગવાને એ બન્નેને અષાઢ સુદ ૧૧ના રોજ ગ્રંથ પૂરો શીખવી દીધો.

વિનયપૂર્વક ગ્રંથ શિક્ષા સમાપ્ત થઈ તેથી સંતુષ્ટ થયેલા ભૂત જાતિના વ્યંતર દેવોએ તે બન્નેમાંથી એકની પુષ્પોથી તથા શંખ અને તૂર્યજાતિના વાજાંના નાદથી ઘણી ભારે પૂજા કરી; એ જોઈને ધરસેન ભટ્ટારકે તેનું ''ભૂતબલિ'' નામ રાખ્યું, તથા બીજાની ભૂતોએ પૂજા કરી તથા તેમના આડા અવળા દાંતોને દેવોએ સરખા કરી દીધા તેથી બીજાનું નામ ધરસેન ભટ્ટારકે ''પુષ્પદંત'' રાખ્યું. ત્યારપછી તેઓને ત્યાંથી જવાનું કહેતાં ''ગુરુની આજ્ઞા અલંઘનીય હોય છે'' એમ વિચારી તેઓ અંકલેશ્વર આવી ત્યાં વર્ષાકાળ વીતાવ્યો.

ચોમાસું પુરું કરી જિનપાલિતની સાથે પુષ્પદંત આચાર્ય વનવાસ-દેશમાં ગયા, અને ભૂતબલિ ભટ્ટારક દ્રમિલદેશમાં ગયા. ત્યારપછી પુષ્પદંત આચાર્યે જિનપાલિતને દીક્ષા આપી, વીસ પ્રરૂપણાગર્ભિત સત્પ્રરૂપણાનાં સૂત્રો બનાવી અને જિનપાલિતને તે ભણાવી તેને ભૂતબલિ આચાર્ય પાસે મોકલ્યા. ભગવાન ભૂતબલીએ જિનપાલિતની પાસે વીસ પ્રરૂપણાવાળા સત્પ્રરૂપણાનાં સૂત્રને દીઠું અને જિનપાલિત પાસેથી પુષ્પદંત આચાર્યનું અલ્પ આયુ છે એમ જાણ્યું અને તેથી મહાકર્મ પ્રકૃતિ પ્રાભૃતનો વિચ્છેદ થઈ જશે એવી બુદ્ધિ ઉત્પન્ન થવાથી તેઓએ દ્રવ્ય પ્રમાણ અનુગમથી શરૂ કરી ગ્રંથ રચના પૂર્ણ કરી. એવી રીતે 'ષટ્ખંડાગમ'ના કર્તા ભૂતબલિ તથા પુષ્પદંત આચાર્યો છે.

એ પ્રમાણે 'ષટ્ખંડાગમ'ની રચના પુસ્તકારૂઢ કરીને જેઠ સુદ પના રોજ ચતુર્વિધ સંઘની સાથે તે પુસ્તકોને ઉપકરણ માની ભૂતબલિ આચાર્યે શ્રુતજ્ઞાનની પૂજા કરી અને તેથી શ્રુતપંચમી તિથિની પ્રખ્યાતિ જૈનોમાં આજ સુધી ચાલી આવે છે અને તે તિથિએ જૈનો શ્રુતની પૂજા કરે છે. આ તિથિ સંબંધે ઈન્દ્રનંદિ શ્રુતાવતારમાં નીચે પ્રમાણે કહ્યું છે.

ज्येष्ठ सितपक्ष पंचम्यां चातुर्वर्ण्य संघ समवेतः ।
तत्पुस्तकोपकरणे व्र्यघात् क्रियापूर्वकं पूजाम् ।।१४३।।

श्रुत पंचमीति तेन प्रख्याति तिथिरियं परामाप ।
यद्यापि येन तस्यं श्रुत पूजां कुर्वते जैनाः ।।१४४।।

અર્થ :—જેઠના શુક્લપક્ષની પાંચમે ચતુર્વર્ણી સંઘ સહિત તે પુસ્તકને ઉપકરણ માની ક્રિયાપૂર્વક પૂજા કરી તેથી તે તિથિ શ્રુતપંચમી તરીકે સારી રીતે પ્રખ્યાતિ પામી છે, અને આજે પણ જૈનો તે રોજ શ્રુતપૂજા કરે છે.

પછી ભૂતબલિ આચાર્યે તે ષટ્ખંડાગમ પુસ્તકોને જિનપાલિત દ્વારા પુષ્પદંત આચાર્ય પાસે મોકલ્યા. તેઓ તેને દેખીને પોતે ચિંતવેલું કાર્ય સફળ થયું જાણી અત્યંત પ્રસન્ન થયા અને પછી તેઓએ ચતુર્વર્ણ સંઘ સહિત સિદ્ધાંતની પૂજા કરી.




# આત્માનો સ્વભાવ



(શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)
(તા. ૧-૫-૪૪, સોમવાર) વ્યાખ્યાન નં. ૧૨
(ગાથા ૧૧-૧૨ ચાલુ)

(મંદાક્રાંતા)

**मोक्षे मोक्षे जयति सहजज्ञानमानन्दतानं**
**निर्व्याबाधं स्फुटितसहजावस्थमन्तर्मुखं च।**
**लीनं स्वस्मिन्सहजविलसच्चिच्चमत्कारमात्रे**
**स्वस्य ज्योतिःप्रतिहततमोवृत्ति नित्याभिरामम्॥**

આત્માની પરિપૂર્ણ જ્ઞાનદશામાં જ આનંદ-સુખ છે. પોતાની ઊંધી માન્યતાને લઈને સંસારના આનંદમાં, ઘરમાં, હીંડોળા ખાટમાં, બગીચામાં-ફૂવારામાં વગેરેમાં સુખ માને છે, પણ પરમાં સુખની કલ્પના તે દુઃખ જ છે. અહીં કોઈને પ્રશ્ન થાય કે જો સુખ ન હોય તો પછી સંસારનું કામ કરતા હશે શું કરવા? પણ ગાંડા કરે શું? જેમ સંસારમાં કોઈ ગાંડો થયો હોય અને પછી દાણાની કોઠી ઊથાપે, ભીંતમાં કાણાં પાડે અને તેમાં આનંદ માને તેમ જેને આત્માના સ્વભાવનું ભાન નથી, અજાણપણું છે એવા જીવો પરમાં સુખ આનંદ માને છે, તે બધા ગાંડા જ છે; આત્માના સહજજ્ઞાનસ્વભાવમાં જ સુખ છે. પૈસા, પુત્ર, બંગલા વગેરેમાં ક્યાંય સુખ નથી. આત્માનું સહજજ્ઞાન વધ્યું એટલે આનંદનો વિસ્તાર થયો. જેમ જેમ જ્ઞાન વધે તેમ તેમ સમાધાન વધતું જાય અને જેમ જેમ સમાધાન વધતું જાય તેમ તેમ આનંદ વધતો જાય. આત્મા સુખનો રસકંદ છે તેને ન માનતાં બહારમાં સુખ માનવું તે જ મૂઢતા છે. આત્મા પરિપૂર્ણ આનંદ રસથી ભર્યો છે; જેમ મીઠામાં ખારપ જ ભરી છે. મીઠું તે ખારપની જ ગાંગડી છે તેમ આત્મામાં એકરૂપ ધ્રુવ ત્રિકાળી આનંદ ભર્યો જ છે, આત્મા આનંદનો જ કંદ છે, પણ તે આનંદના અનુભવની પૂર્ણતા પ્રગટ પૂર્ણદશા થાય છે ત્યારે જ હોય છે.

આચાર્યદેવ કહે છે કે આત્માનો સ્વાભાવિક નિર્મળ સ્વભાવ તેનો સદા જય હો! આત્મા જ્ઞાનમૂર્તિ સહજજ્ઞાનસ્વભાવી છે તેમાં આનંદનો વિસ્તાર ભર્યો છે, તેનું ભાન

**આગમરહિત જે શ્રમણ તે જાણે ન પરને, આત્મને;**
**ભિક્ષુ પદાર્થ-અજાણ તે ક્ષય કર્મનો કઇ રીત કરે? ૨૩૩. –શ્રી પ્રવચનસાર**

થયું એટલે પર્યાયમાં તે આનંદ વધતાં વધતાં પૂર્ણ દશામાં પૂર્ણ પ્રગટી ગયો—તે સદા જયવંત વર્તો!

આત્માનું સહજજ્ઞાન કેવું છે તે હવે કહે છે :—આત્માના સહજજ્ઞાનને કર્મનું વિઘ્ન નથી, શરીરાદિ જડ છે તે કદી જ્ઞાનને નડતાં નથી; પરને પોતાનાં માનવારૂપ પોતાની જે ઊંધી માન્યતા હતી તે નડતી હતી પણ તે માન્યતા ટાળ્યા પછી કાંઈ નડતું નથી, કારણ કે સિદ્ધ ભગવાન થયા તેમનો જેવો સ્વભાવ છે તેવો જ આ આત્માનો સ્વભાવ છે, અંતર સ્વભાવ સહજસ્વાભાવિકજ્ઞાન એકરૂપ ધ્રુવ ત્રિકાળ દશાથી પ્રગટરૂપ ભર્યો છે; મોક્ષદશા પ્રગટ થવાની શક્તિથી ભરચક ભર્યો છે.

આચાર્યદેવે ટીકામાં બહુ જ ઊંચા ભાવથી ભરેલા શબ્દો વાપર્યા છે, એકલા સ્વભાવનું જ વર્ણન કર્યું છે.

સંસારમાં બંગલા બાંધે છે, હીંડોળાખાટે રેશમના તકીયે સૂવે છે, બગીચા બનાવી તેમાં ફૂવારા ગોઠવીને વિલાસ કરે છે અને અજ્ઞાનભાવે તેમાં સુખ માને છે પણ સંસારના વિલાસ તે વિલાસ નથી, તે વિલાસની રુચિ તો નરકનું કારણ છે; આત્મા જ્ઞાનસ્વરૂપ પુણ્ય-પાપથી નિરાળો છે, આત્માનું જે જ્ઞાન સ્વાભાવિક વિલાસરૂપ છે તે અંદર જ છે, તેને કોઈ બાહ્ય સામગ્રીની જરૂર પડતી નથી; તે અનાદિ અનંત એકરૂપ છે, તેનું ભાન થતાં તેમાંથી જ પ્રગટ આનંદ અવસ્થા આવે છે, તેથી સહજજ્ઞાન પોતે આનંદના વિલાસરૂપ છે.

કેવું છે સ્વાભાવિક જ્ઞાન અથવા કેવી છે આત્માની જ્ઞાનજ્યોતિ? અહીં ''જ્ઞાનજ્યોતિ'' એમ શા માટે કહે છે? જ્યોતિ કહેવાનું કારણ એ છે કે અગ્નિની જ્યોત, ચંદ્રની જ્યોત વગેરે બધી જ્યોતને જાણનાર આ જ્ઞાનજ્યોતિ જ છે. આત્માનો સ્વભાવ એટલે કે આ જ્ઞાનજ્યોતિ જ એવી છે કે તેનું સાચું ભાન થતાં ઊંધી માન્યતારૂપ અંધકારનો તે નાશ જ કરે છે. સહજજ્ઞાનનું ચારિત્ર ત્રિકાળ એકરૂપ ધ્રુવરૂપ આત્મામાં પડ્યું છે. અવસ્થા પ્રગટે છે તે ચારિત્ર જુદું ઉત્પાદ (પર્યાયરૂપ) છે.

આત્મા નિત્ય છે, તે મરે કે જન્મે નહીં, શરીર પણ જન્મે કે મરે નહીં. જન્મ-મરણ એ તો માન્યતા છે; શરીરનો સંયોગ થવો તે જન્મ અને શરીરનો વિયોગ થવો તે મરણ એમ મનાય છે, પરંતુ જેમ એક માણસ એક ઠેકાણેથી દુકાન બીજે ઠેકાણે ફેરવે

**મુનિરાજ આગમચક્ષુ ને સૌ ભૂત ઇન્દ્રિયચક્ષુ છે,**
**છે દેવ અવધિચક્ષુ ને સર્વત્રચક્ષુ સિદ્ધ છે. ૨૩૪.** **–શ્રી પ્રવચનસાર**

તેથી તે માણસ મર્યો ન કહેવાય તેમ આત્મા એક શરીરના સંયોગથી છૂટીને બીજે ઠેકાણે જાય એટલે કાંઈ આત્મા મર્યો કહેવાય નહીં.

(અનુષ્ટુપ)

**सहजज्ञानसाम्राज्यं　सर्वस्वं　शुद्धचिन्मयम्।**
**ममात्मानमयं ज्ञात्वा निर्विकल्पो भवाम्यहम्॥**

ચૈતન્યમૂર્તિ આત્માનું સ્વરાજ જડમાં–પરમાં નથી, પણ તેનું સહજજ્ઞાન સામ્રાજ્ય અંદર છે, આત્માનું પરથી નિરાળું જ્ઞાનમૂર્તિ સ્વરૂપ તે સ્વરાજ છે–તેને કોઈ લૂંટી શકે નહીં અને આત્મા કોઈને દઈ શકે નહીં. બહારનું સ્વરાજ–ધૂળનું સ્વરાજ તો પુણ્યના કારણે મળે છે પુણ્ય સિવાય તે સ્વરાજ કોઈને મળે નહીં કે કોઈ લઈ શકે નહીં; પણ આત્માનું સ્વરાજ તો આત્મામાં જ છે અને આત્માના શ્રદ્ધા જ્ઞાનથી તે મળી શકે છે. આત્માના ભાન વિના પરનું સ્વરાજ લેવાની મૂઢતા ટળે નહીં. આત્મા જ્ઞાનમૂર્તિ છું એવા સ્વરૂપનું ભાન તે જ આત્માનું સ્વરાજ છે, જડને પોતાનું માનવું તે જ ચોરાશીમાં રખડવાનું અને પરાધીનતાના દુઃખનું કારણ છે. 'અહોહો! મારું રાજ્ય મારી પાસે જ છે આમ જાણીને હું મારા સ્વરૂપમાં જ ઠરવા માગું છું, હું કોઈને સમજાવી શકતો નથી. હું જ મને સમજું છું.' આમ સમજીને ધર્મી જીવ વિકલ્પરહિત થઈને અંદર ઠરવા માગે છે. આ જ સ્વાધીનતા અને સુખ છે.

આ અધિકાર જ્ઞાનનો છે; જ્ઞાનની મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળ એ પાંચ સમ્યક્ અવસ્થા છે તથા કુમતિ, કુશ્રુત અને કુઅવધિ એ ત્રણ ઊંધી અવસ્થા છે, પણ કારણરૂપ જ્ઞાનઉપયોગ તો એકરૂપ છે–તેના આ ભેદ નથી, એ તો ત્રિકાળ સ્વરૂપરૂપ એકરૂપ છે. આ રીતે ગાથા ૧૧-૧૨ માં જ્ઞાનોપયોગના ભેદોનું સ્વરૂપ કહ્યું. ॥૧૧-૧૨॥

(ક્રમશઃ) ❊

## મફતમાં કાંઈપણ મળતું નથી.

વર્તમાનમાં તને જે જે સંયોગ મળે છે તે બધાની પૂર્વકાળે તેં કિંમત ભરી છે. (પૂર્વે તેં એવા ભાવ કર્યા છે) અને તેનો જ બદલો તને વર્તમાનમાં યથાયોગ્ય મળી રહ્યો છે. તારી ઇચ્છા હોય કે ન હોય પણ તેં જેની કિંમત ભરી દીધી છે તેનો બદલો તો તને થવાનો જ ! મળવાનો. માટે જે જે સંયોગ મળે તે બધાને જાણી લેજે.

**સૌ ચિત્ર ગુણપર્યાયયુક્ત પદાર્થ આગમસિદ્ધ છે;**
**તે સર્વને જાણે શ્રમણ એ દેખીને આગમ વડે. ૨૩૫.**　　**–શ્રી પ્રવચનસાર**



# વૈરાગ્ય-ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

**एवं अणाइकालं पंचपयारे भमेइ संसारे ।**
**णाणादुक्खणिहाणे जीवो मिच्छत्तदोसेण ।।७२।।**

**અર્થ** :—એ પ્રમાણે પંચપરાવર્તનરૂપ સંસારમાં આ જીવ અનાદિકાળથી મિથ્યાત્વદોષ વડે ભમે છે. કેવો છે સંસાર? અનેક પ્રકારનાં દુઃખોનું નિધાન (ખજાનો) છે. ૭૨.

આ પ્રમાણે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ, ભાવ—પંચપરાવર્તનરૂપ સંસાર છે. ચેતન અનાદિકાળનો છે. સંસારમાં અનંતકાળ રખડ્યો છતાં ચૈતન્યદ્રવ્ય એવું ને એવું છે, પોતાના આત્માના વાસ્તવિક ભાન વિના અનાદિથી મિથ્યાત્વના દોષ વડે ભમે છે, દ્રવ્યલિંગી સાધુ થઈને નવમી ગ્રૈવેયક ૩૧ સાગરના આયુષ્યે જન્મ્યો, મુનિપણામાં મહાવ્રત પાળ્યાં, યમ-નિયમ કર્યા પણ આત્માનું ભાન કર્યું નહિ, તેથી મિથ્યાત્વના દોષથી રખડે છે.

કેવો છે સંસાર ? અનેક પ્રકારનાં દુઃખોનો ખજાનો છે. આત્મા આનંદનું નિધાન છે, ત્યારે સંસાર દુઃખનું નિધાન છે, દુઃખની ખાણ છે. જે ભાવથી દેવલોક મળે, નવમી ગ્રૈવેયક જવાય તે ભાવ દુઃખનું નિધાન છે. વ્રત તપાદિ ભાવ પણ દુઃખનું નિધાન છે. વ્યવહારરત્નત્રયનાં પરિણામ પણ દુઃખની ખાણ છે.

જે જીવ વર્તમાનને ભાવે છે તે સંસારમાં રખડે છે ને ત્રિકાળને ભાવનારને સંસાર નથી. અહીં પાંચ પરાવર્તનરૂપ ભાવને દુઃખ કહ્યું—દુઃખનો ખજાનો કહ્યો માટે સુખનું નિધાન આત્મા છે તેને ભજવો.

**इय संसारं जाणिय मोहं सव्वायरेण चइऊणं ।**
**तं झायह ससहावं संसरणं जेण णासेइ ।।७३।।**

**અર્થ** :—ઉપર કહ્યા પ્રમાણે આ સંસારના(સ્વરૂપને) જાણીને, સર્વ પ્રકારથી ઉદ્યમ

**દૃષ્ટિ ન આગમપૂર્વિકા તે જીવને સંયમ નહીં**
**—એ સૂત્ર કેરું છે વચન; મુનિ કેમ હોય અસંયમી ? ૨૩૬.** **–શ્રી પ્રવચનસાર**

કરી, મોહને છોડી હે ભવ્યાત્મા ! તું એ આત્મસ્વભાવનું ચિંતવન કર કે જેથી સંસાર પરિભ્રમણનો(સર્વથા) નાશ થાય. ૭૩.

જે ભાવથી શાતાવેદનીય કર્મ બંધાય, જગતમાં કીર્તિ મળે એવું કર્મ બંધાય તે બધો સંસાર છે, માટે સંસારનાં સ્વરૂપને જાણી સર્વ પ્રકારથી ઉદ્યમ કરી મોહને છોડ—કર્મ ટળે પછી ઉદ્યમ થશે એમ કહ્યું નથી. તારો પુરુષાર્થ તારા હાથમાં છે. પાંચ પ્રકારના પરાવર્તનરૂપ ભાવ તારા સ્વભાવમાં નથી, માટે તારા સ્વભાવનું અવલંબન લે અને તેનું ચિંતવન કર. તેમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આવી જાય છે. તે એક જ સંસારના પરિભ્રમણના નાશનો ઉપાય છે. આત્મા જાણનાર—દેખનાર છે, દેહાદિની ક્રિયાનો કર્તા નથી. એમ સ્વભાવની એકાગ્રતા કરે તો સંસાર ઉત્પન્ન થતો નથી, તેણે સંસારનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. અહીં ઉદ્યમ કરીને કહ્યું છે. આત્મામાં વીર્ય નામનો ગુણ છે. જેમ સંસારની ચીજો મેળવવા પુરુષાર્થ કરે છે તે વીર્યની ઊંધી અવસ્થા છે. તે હવે દિશા બદલાવી પર પદાર્થો અને પુણ્ય-પાપની રુચિ છોડી તારા શાંત સ્વભાવમાં ઠરી જા તેનો ઉદ્યમ કર તો સંસારનો નાશ થશે.

જે જીવ સંસારને આદરણીય માને છે તેને સ્વભાવ આદરણીય લાગતો નથી. અજ્ઞાનદશામાં પરિભ્રમણના ભાવ અનંતવાર કર્યા. હવે ચૈતન્યના શ્રદ્ધા-જ્ઞાન કર તો સંસારનો નાશ થશે.

પંચ પરાવર્તનમયી, દુઃખરૂપ સંસાર;
મિથ્યાકર્મ ઉદય થકી, ભરમે જીવ અપાર.

પાંચ પરાવર્તનમય સંસાર દુઃખમય છે, સ્વભાવનો પુરુષાર્થ કરતો નથી ને કર્મ તરફનું વલણ રાખે છે, તેથી જીવ સંસારમાં રખડે છે.

આ ભાવના છે. ગાથા-૯૭ પૃષ્ઠ ૫૧માં કહ્યું છે કે ભલા તત્ત્વો અર્થાત્ જીવાદિ તત્ત્વો અને નિજસ્વરૂપનું ચિંતવન તે અનુપ્રેક્ષા અથવા ભાવના છે. સર્વજ્ઞે કહેલાં તત્ત્વો માટે સુતત્ત્વોનું, ભલા પ્રકારે ચિંતવન કરવું તે ભાવના છે.

**સિદ્ધિ નહીં આગમ થકી, શ્રદ્ધા ન જો અર્થો તણી;**
**નિર્વાણ નહિ અર્થો તણી શ્રદ્ધાથી, જો સંયમ નહીં. ૨૩૭. –શ્રી પ્રવચનસાર**

# પુણ્યફળને છોડીને ધર્મીજીવ મોક્ષને સાધે છે

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

પ્રભો! દિવ્યધ્વનિવડે આપે આત્માના અચિંત્યનિધાન ખુલ્લા કરીને બતાવ્યા, તો હવે આ જગતમાં એવો કોણ છે કે આ નિધાન પાસે રાજપાટના નિધાનને તૃણસમ ગણીને ન છોડે?—ને ચૈતન્યનિધાનને ન સાધે? અહા, ચૈતન્યના આનંદનિધાન જેણે દેખ્યા એને રાગનાં ફળરૂપ બાહ્યવૈભવ તો તરણાંતૂલ્ય લાગે છે.

(शार्दूलविक्रीडित)

पुत्रे राज्यमशेषमर्थिषु धनं दत्त्वाऽभयं प्राणिषु
प्राप्ता नित्यसुखास्पदं सुतपसा मोक्षं पुरा पार्थिवाः।
मोक्षस्यापि भवेत्ततः प्रथमतो दानं निधानं बुधैः
शक्त्या देयमिदं सदातिचपले द्रव्ये तथा जीविते ॥१६॥

અર્થ :—પૂર્વકાળમાં અનેક રાજાઓ પુત્રને સમસ્ત રાજ્ય આપી દઈને, યાચક જનોને ધન આપીને તથા પ્રાણીઓને અભય આપીને ઉત્કૃષ્ટ તપશ્ચરણ દ્વારા અવિનશ્વર સુખના સ્થાનભૂત મોક્ષને પ્રાપ્ત થયા છે. આ રીતે તે દાન મોક્ષનું પણ પ્રધાન કારણ છે. તેથી સંપત્તિ અને જીવન અતિશય ચપળ અર્થાત્ નશ્વર હોવાથી વિદ્વાન પુરુષોએ શક્તિ પ્રમાણે સર્વદા તે દાન અવશ્ય આપવું જોઈએ. ૧૬.

આ જીવન અને ધન બંને અત્યંત ક્ષણભંગુર છે એમ જાણીને બુધજનોએ—ચતુર પુરુષોએ સદા શક્તિ પ્રમાણે દાન કરવું જોઈએ, કેમ કે મોક્ષનું પ્રથમ કારણ દાન છે. પૂર્વે અનેક રાજાઓ યાચકજનોને ધન આપીને, સર્વે પ્રાણીઓને અભય આપીને, અને સમસ્ત રાજ્ય પુત્રને આપીને સમ્યક તપવડે નિત્ય સુખાસ્પદ એવા મોક્ષને પામ્યા.

જુઓ, અહીં એમ બતાવે છે કે દાનના ફળમાં ધર્મી જીવને રાજ્યસંપદા વગેરે મળે તેમાં તેઓ સુખ માનીને મૂર્છાઈ જતા નથી, પણ દાનાદિ વડે તેનો ત્યાગ કરીને મુનિ થઈને મોક્ષને સાધવા ચાલ્યા જાય છે.

જેમ સારો ખેડૂત બીજની રક્ષા કરીને બાકીનું અનાજ ભોગવે છે, ને બીજ વાવે

**અજ્ઞાની જે કર્મો ખપાવે લક્ષ કોટિ ભવો વડે,**
**તે કર્મ જ્ઞાની ત્રિગુપ્ત બસ ઉચ્છ્વાસમાત્રથી ક્ષય કરે. ૨૩૮. –શ્રી પ્રવચનસાર**

છે તેના હજારોગણા દાણા પાકે છે, તેમ ધર્મીજીવ પુણ્યફળરૂપ લક્ષ્મી વગેરે વૈભવનો ઉપભોગ ધર્મની રક્ષાપૂર્વક કરે છે, ને દાનાદિ સત્કાર્યોમાં વાપરે છે,–જેથી તેનું ફળ વધતું જાય છે ને ભવિષ્યમાં તીર્થંકરદેવનું સમવસરણ તથા ગણધરાદિ સંત-ધર્માત્માઓનો યોગ–વગેરે ધર્મનાં ઉત્તમ નિમિત્તો મળે છે, ત્યાં આત્મસ્વરૂપને સાધી, બાહ્ય પરિગ્રહ છોડી, મુનિ થઈ, કેવળજ્ઞાનરૂપ અનંત આત્મવૈભવને પ્રાપ્ત કરે છે.

પુણ્યના નિષેધની ભૂમિકામાં (એટલે કે વીતરાગભાવને સાધતાં સાધતાં) જ્ઞાનીને અનંતગુણા પુણ્ય બંધાય છે. પુણ્યની રુચિવાળા અજ્ઞાનીને જે પુણ્ય બંધાય તેના કરતાં, પુણ્યનો નિષેધ કરનાર જ્ઞાનીની ભૂમિકામાં જે પુણ્ય બંધાય તે અલૌકિક હોય છે;–જેનાથી તીર્થંકરપદ મળે, ચક્રવર્તીપદ મળે, બળદેવપદ મળે એવા પુણ્ય આરાધક જીવને જ હોય છે, રાગની રુચિવાળા વિરાધકને એવા પુણ્ય બંધાતા નથી. અને તે પુણ્યનાં ફળ આવે ત્યારે પણ જ્ઞાની તે સંયોગોને અધ્રુવ–ક્ષણભંગુર–વીજળી જેવા ચપળ જાણીને તેનો ત્યાગ કરે છે ને ધ્રુવ એવા સુખધામ આત્માને સાધવા સર્વસંગત્યાગી મુનિ થાય છે ને મોક્ષને સાધે છે. પહેલેથી દાનની ભાવના વડે રાગ ઘટાડ્યો હતો તેથી આગળ વધતાં વધતાં સર્વ સંગ છોડીને મુનિ થાય છે. પણ પહેલેથી ગૃહસ્થપણામાં દાનાદિવડે થોડોક રાગ ઘટાડતાં પણ જેને નથી આવડતો, રાગરહિત સ્વભાવ શું છે તે લક્ષમાં પણ નથી લેતો, તે સર્વ રાગને છોડીને મુનિપણું ક્યાંથી લેશે?—આ અપેક્ષાએ મોક્ષનું પ્રથમ કારણ દાન કહ્યું છે.

જ્ઞાની જાણે છે કે, એક તો લક્ષ્મી વગેરે બાહ્યસંયોગમાં મારું સુખ જરા પણ નથી; બીજું તે સંયોગો ક્ષણભંગુર છે, અને તેનું આવવું–જવું તે પૂર્વનાં પુણ્ય–પાપને આધીન છે. પુણ્ય હોય તો, દાનમાં ખરચવાથી લક્ષ્મી ખૂટતી નથી, ને પુણ્ય ખૂટે તો લાખ ઉપાય વડે પણ તે રહેતી નથી.—એમ જાણતા થકા તે મહાપુરુષો ધન વગેરે પરિગ્રહ છોડીને મુનિ થાય છે; ને સર્વપરિગ્રહ છોડીને મુનિપણું ન લઈ શકાય તો ત્યાંસુધી તેનો ઉપયોગ દાનાદિમાં કરે છે. આ રીતે ત્યાગ અથવા દાન—એ બે જ લક્ષ્મીના ઉત્તમ માર્ગ છે. અજ્ઞાની તો પરિગ્રહમાં સુખ માનતો હોવાથી તેની મમતા કરીને તેને સંઘરી રાખવા માગે છે. જેમ વધારે પરિગ્રહ તેમ વધારે સુખ–એવી અજ્ઞાનીની ભ્રમણા છે. જ્ઞાની જાણે છે કે જેટલો પરિગ્રહ છૂટે તેટલું સુખ છે. એકલા બાહ્યત્યાગની વાત નથી; અંદરનો મોહ છૂટે ત્યારે પરિગ્રહ છૂટ્યો કહેવાય.

**અણુમાત્ર પણ મૂર્છા તણો સદ્‌ભાવ જો દેહાદિકે,**
**તો સર્વઆગમધર ભલે પણ નવ લહે સિદ્ધત્વને. ૨૩૯. –શ્રી પ્રવચનસાર**

અહા, ચૈતન્યના આનંદનિધાન જેણે દેખ્યા એને રાગના ફળરૂપ બાહ્યવૈભવ તો તરણાંતૂલ્ય લાગે છે. ઋષભદેવ ભગવાનની સ્તુતિમાં પદ્મનંદીસ્વામી કહે છે કે અહો નાથ! દિવ્યધ્વનિ વડે આપે આત્માના અચિંત્ય નિધાન ખુલ્લા કરીને બતાવ્યા, તો હવે આ જગતમાં એવો કોણ છે કે આ નિધાન પાસે રાજપાટના નિધાનને તૃણસમ ગણીને ન છોડે?—ને ચૈતન્યનિધાનને ન સાધે! જુઓને, બાહુબલી જેવા બળવાન જોદ્ધા ક્ષણમાં રાજસંપદા છોડીને એવા ચાલી નિકળ્યા કે પાછું વાળીને જોયું નહિ કે પાછળ રાજનું શું થાય છે! ચૈતન્યની સાધનામાં અડગપણે એવા લીન થયા કે ઊભા ઊભા કેવળજ્ઞાન લીધું. શાન્તિનાથ, કુંથુનાથ, અરનાથ જેવા ચક્રવર્તી તીર્થંકરો, તેમજ ભરતચક્રવર્તી, રામચંદ્રજી, પાંડવો વગેરે મહાપુરુષો પણ ક્ષણમાં રાજવૈભવ છોડીને મુનિ થયા; જીવનમાં પહેલેથી ભિન્નતાની ભાવના ઘૂંટી હતી, રાગથી ને રાજથી પહેલેથી અલિપ્ત હતા તેથી ક્ષણમાં જેમ સર્પ કાંચળી ઉતારે તેમ, રાજ ને રાગ બંનેને છોડીને મુનિ થયા ને સ્વરૂપ સાધ્યું. અજ્ઞાનીને તો સાધારણ પરિગ્રહની મમતા છોડવી પણ કઠણ પડે છે. ચક્રવર્તીની સંપદાની તો શી વાત! પણ ચૈતન્યસુખ પાસે તેનેય તૂચ્છ સમજીને એક પળમાં છોડી દીધી. તેથી કવિ કહે છે કે—

छयानवे हजार नार छिनकमें दीनी छार,
अरे मन! ता निहार, काहे तू डरत है?
छहों खण्ड़की विभूति छांडत न बैर कीन्हीं,
चमू चतुरंग सो नेह न धरत हैं,
नौ निधान आदि जे चौदह रतन त्याग,
देह सेती नेह तोड़ वन विचरत हैं,
ऐसो विभौ त्यागत विलम्ब जिन किन्हों नांही,
तेंरे कहो केती निधि? सोच क्यों करत है!

અરે, લક્ષ્મી અને જીવન અત્યંત ચપળ છે, તેના શા ભરોસા? લક્ષ્મીનું બીજુ નામ 'ચપલા' કહ્યું છે, કેમકે તે મેઘધનુષ્યની જેમ ચપળ છે—ક્ષણભંગુર છે. લક્ષ્મી ક્યારે ચાલી જશે ને જીવન ક્યારે પૂરું થઈ જશે એના કાંઈ ભરોસા નથી. કાલનો કરોડપતિ કે રાજા-મહારાજા, આજ ભિખારી બની જાય છે, આજનો નિરોગી બીજી ક્ષણે મરી જાય છે, સવારે જેનો રાજ્યાભિષેક થયો સાંજે તેની ચિતા બળતી જોવામાં

જે પંચસમિત, ત્રિગુપ્ત, ઇન્દ્રિનિરોધી, વિજયી કષાયનો,
પરિપૂર્ણ દર્શનજ્ઞાનથી, તે શ્રમણને સંયત કહ્યો. ૨૪૦. –શ્રી પ્રવચનસાર

આવે છે. ભાઈ, એ તો બધું અધ્રુવ છે; માટે ધ્રુવ ચૈતન્યસ્વભાવને દૃષ્ટિમાં લઈને એ લક્ષ્મી વગેરેના મોહને છોડ. ધર્મીશ્રાવક કે જિજ્ઞાસુ ગૃહસ્થ પોતાની વસ્તુમાંથી શક્તિ હોય તે પ્રમાણે યાચકોને ઈચ્છિત દાન આપે. દાન યોગ્ય વસ્તુનું હોય, અયોગ્ય વસ્તુનું દાન ન હોય. લૌકિક કથાઓમાં આવે છે કે અમુક રાજાએ પોતાના શરીરનું માંસ કાપીને દાનમાં આપ્યું, અથવા અમુક ભક્તે પોતાના એકના એક પુત્રનું માથું દાનમાં આપ્યું,–પણ એ વસ્તુ ધર્મથી વિરુદ્ધ છે, એને દાન ન કહેવાય, એ તો કુદાન છે. દાન દેનારને પણ યોગ્ય–અયોગ્યનો વિવેક હોવો જોઈએ. જે આદરણીય હોય એવા ધર્માત્મા વગેરે પ્રત્યે આદરપૂર્વક દાન આપે, ને બીજા દીન-દુ:ખી જીવો પ્રત્યે કરુણાબુદ્ધિથી દાન આપે. ધર્મીને એમ થાય કે મારા નિમિત્તે જગતમાં કોઈ પ્રાણીને દુ:ખ ન હો. સર્વે પ્રાણી પ્રત્યે અહિંસાભાવરૂપ અભયદાન છે. વળી શાસ્ત્રદાન વગેરેનું વર્ણન પણ અગાઉ થઈ ગયું છે.—આવા દાનને મોક્ષનું પ્રથમ કારણ કહ્યું છે.

પ્રશ્ન :—મોક્ષનું મૂળ તો સમ્યગ્દર્શન છે, તો અહીં દાનને મોક્ષનું પ્રથમ કારણ કેમ કહ્યું?

ઉત્તર :—પહેલાં શરૂઆતમાં સર્વજ્ઞની ઓળખાણની વાત કરી હતી તે સહિતની આ વાત છે. તેમજ શ્રાવકને પ્રથમ ભૂમિકામાં ધર્મનો ઉલ્લાસ ને દાનનો ભાવ જરૂર હોય છે તે બતાવવા વ્યવહારથી તેને મોક્ષનું પ્રથમ કારણ કહ્યું. એટલો રાગ ઘટાડતાં પણ જેને નહિ આવડે તે વીતરાગી મોક્ષમાર્ગમાં ક્યાંથી આવશે? વીતરાગદૃષ્ટિપૂર્વક જેટલો રાગ ઘટ્યો તેટલો મોક્ષમાર્ગ છે. પહેલાં દાનાદિમાં રાગ ઘટાડતાં શીખશે તો આગળ વધીને મુનિપણું લેશે ને મોક્ષમાર્ગને સાધશે, આ અપેક્ષાએ દાનને મોક્ષનું પ્રથમ કારણ કહ્યું છે એમ સમજવું.

---

(અનુસંધાન પેજ નં. ૧૯ થી ચાલુ)

શું થાય? શુભને છોડી શુદ્ધ કરે તો શુભથી થયું એમ વ્યવહારે કહેવાય. શુભ તો નિમિત્ત છે; નિમિત્તનો અભાવ કરે ત્યારે સ્વભાવનું ભાન થાય. એમાં નિમિત્તે કર્યું શું? નિમિત્ત છે એટલું જ્ઞાન કરવા જેવું છે. પરની અપેક્ષા વિનાનો અને રાગના વિકલ્પથી જુદો— એવું ભેદજ્ઞાન કરતાં અંદર અભેદસ્વરૂપ અનુભવમાં આવ્યું; એમાં એ ભેદજ્ઞાન સાધન છે, છતાં ત્યાં જે રાગનો ભાગ સાથે રહેલો છે તેને વ્યવહારનો આરોપ દઈને, સહચર દેખીને ઉપચારથી સાધન કહેવામાં આવ્યો છે. આ સિવાય બીજી રીતે માનશે તો ક્યાંય મેળ નહિ ખાય. (ક્રમશ:) ❋



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

**પ્રવચન-૨**

પ્રશ્ન : તો પછી વ્યવહાર ગમે તે જાતનો આવે અથવા કુદેવાદિની શ્રદ્ધા હોય તો નડે ખરી?

સમાધાન : પોતાના જ્ઞાનસ્વભાવની પર્યાય સ્વ-પરપ્રકાશક છે. તેમાં દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે યથાર્થ નિમિત્તોનું જ્ઞાન આવી જાય છે. કુદેવાદિની શ્રદ્ધાનો વ્યવહાર ધર્મીને હોતો નથી. ખોટાનો આદર-વિનય કરે એવું જ્ઞાન તો મિથ્યાજ્ઞાનમાં હોય છે.

અહીં કહે છે રે દ્રવ્ય-ગુણ-પર્યાયના અનુભવથી પંચ પરમગુરુ થયા છે. કોઈ નિમિત્તના કે વ્યવહારના અવલંબનથી પંચ પરમેષ્ઠી થયા—એમ નથી, એ બધો પ્રભાવ અનુભવનો છે. વ્યવહારનિમિત્ત હોય છે પણ તેનો પ્રભાવ નથી, જ્ઞાનમાં આવી ગયું છે કે ધર્મ પામનારને સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર જ નિમિત્ત હોય.

વળી અરિહંત ભગવાન ને સિદ્ધ ભગવાન પણ પોતાના જ્ઞાન ને આનંદને સેવે છે તે જ આચરણ છે. અરીસામાં બીજી ચીજો જણાઈ જાય છે તેમ ચૈતન્ય અરીસામાં સ્વ-પરપ્રકાશક જ્ઞાન ખીલી ગયું છે, એટલે કે તે અનુભવને જ સેવે છે, એટલે તે અનુભવમાં અનંતગુણના સર્વ રસ આવે છે, તે અહીં કહીએ છીએ.

જ્ઞાનનો પ્રગટ પ્રકાશ છે તે અનંતગુણોને જાણે છે. અહીં અરિહંત, સિદ્ધની વાત છે. અલ્પજ્ઞ પોતાના પ્રમાણમાં જાણે. ભગવાનની જ્ઞાનની અવસ્થા અનંત ગુણોને જાણે પણ અનંત ગુણો જ્ઞાનમાં પેસી ન જાય. વળી જ્ઞાન સવિકલ્પ છે, સાકાર છે. સ્વ-પરને જાણવું તેને સાકાર, સવિકલ્પ અથવા જ્ઞાનવિશેષ કહે છે. તે જ્ઞાનની અવસ્થારૂપે પરિણમે, વેદે ને તેનો આસ્વાદ કરે. જ્ઞાનગુણની પર્યાયમાં આત્માના બધા ગુણોનો રસ આવે છે, ત્યાં ઉપમા વિનાનો આનંદ ઊપજે છે.

તે જ પ્રમાણે દર્શનગુણ ત્રિકાળ છે, તેની અવસ્થા વર્તમાન થાય તેને જ્ઞાન જાણે, તેનો આસ્વાદ લ્યે ને સુખફળ નીપજે, ત્યાં રાગ કે ઉપાધિ ફળરૂપે નથી. એમ બધા

**નિંદા-પ્રશંસા, દુઃખ-સુખ, અરિ-બંધુમાં જ્યાં સામ્ય છે,**
**વળી લોષ્ટ-કનકે, જીવિત-મરણે સામ્ય છે, તે શ્રમણ છે. ૨૪૧.** **–શ્રી પ્રવચનસાર**

ગુણોની અવસ્થા થાય તેને જ્ઞાન જાણે, વેદે ને સ્વાદ લ્યે. આમ અખંડિત, અનંત તે ઉપમા વિનાનો રસ ઊપજે. જ્ઞાનની પરિણતિમાં અનંતગુણો જાણ્યા ને વેદ્યા. તેથી સર્વ ગુણોનો રસ પર્યાય દ્વારા અનુભવ કરવામાં આવે. એ જ પ્રમાણે દ્રવ્યને પરિણમે એટલે કે તેને વેદે, આસ્વાદે ને આનંદ પામે ત્યારે પરિણતિ દ્વારા દ્રવ્યનો અનુભવ થયો.

**પ્રવચન -3**

આ અનુભવપ્રકાશ ગ્રંથ છે. અંતર્પરિણતિ દ્વારા આત્માનો અનુભવ થાય તેને અનુભવપ્રકાશ કહે છે. પર્યાયમાં જે વિકાર છે તેના અવલંબને આત્માનો અનુભવ થતો નથી, પણ પર્યાયને અંતરમાં વાળવાથી અનુભવ થાય છે. અનુભવ કહો કે મોક્ષમાર્ગ કહો એક જ છે. જે પર્યાય રાગમાં એકત્વ થતી તે પર્યાય સ્વભાવમાં એકાગ્ર થતાં નિજાનંદ પ્રગટ થાય છે. મોક્ષમાર્ગની અવસ્થા ગુણોમાં એકત્વ થતાં થાય છે. પ્રથમ સ્વરૂપ ખ્યાલમાં લેવું જોઈએ. શિષ્ય સાંભળે છે તે વખતે વિકલ્પ વર્તે છે, ગુરુ ઉપર લક્ષ જાય છે. તે વ્યવહાર ભલે હો પણ આત્માનો અનુભવ તો અંતરમાં વળવાથી થાય છે. આ એક જ માર્ગ છે, બીજો માર્ગ નથી. પોતાની જ્ઞાનદશા સ્વભાવ તરફ વળે તો આનંદનો અનુભવ થાય છે. આત્મામાં અનંતા ગુણો છે, તેનું સંક્ષેપમાત્ર વર્ણન કરે છે. આત્મા છે તો તેની શક્તિઓ છે કે નહિ? છે. તેની વર્તમાન અવસ્થા છે કે નહિ ? જે વર્તમાન અવસ્થા થાય છે તેને સ્વભાવ તરફ વાળવી એ જ ધર્મ છે.

અનંતા ગુણોનો પિંડ પ્રભુ ચેતનાનો પુંજ છે. જાણવા-દેખવાના ગુણ સાથે અનંતા ગુણો છે. તે બધાને અભેદ ગણી ચેતનાનો પુંજ કહી દીધો છે. અવસ્થાને અંતરમાં વાળવી તે ધર્મ છે, પુણ્ય-પાપમાં રોકાવું તે સંસારનું કારણ છે.

શ્રી સમયસારમાં સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં ૪૭ શક્તિનું વર્ણન આવ્યું છે. તેનું બીજી ઢબથી અહીં વર્ણન કરે છે. આ વિધિ સમજતાં શુભરાગ આવે તેને પુણ્ય સમજવું, પણ જે વિધિ સમજતા નથી તેને તો ધર્મ થતો જ નથી. શીરાના બનાવનારે તેની વિધિ શીખવી જોઈએ. યથાર્થ વિધિએ ન કરે તો લોપરી પણ ન થાય.

ચૈતન્યવસ્તુને પ્રતીતિમાં લીધા વિના બધાં પુણ્ય-પાપ ફોક છે. સાચાં દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે બહુમાન આવ્યા વિના રહેતું નથી છતાં તેને ઓળખીને ચિદાનંદ આત્માની પરિણતિને પકડે તો કલ્યાણ થાય એમ છે, એ જ વસ્તુનું સ્વરૂપ છે. હવે ગુણો વર્ણવે છે.

**દગ, જ્ઞાન ને ચારિત્ર ત્રણમાં યુગપદે આરૂઢ જે,**
**તેને કહ્યો ઐકાગ્ર્યગત, શ્રામણ્ય ત્યાં પરિપૂર્ણ છે. ૨૪૨. –શ્રી પ્રવચનસાર**

**૧. જ્ઞાનગુણ :**—આત્મામાં જ્ઞાનગુણ મુખ્ય છે. આત્મામાં અનંતા ગુણો છે, તેને ઓળખવાનું કહે છે. જ્ઞાનગુણ પ્રધાન છે. જ્ઞાન સ્વ-પરને જાણવાની તાકાતવાળું છે. જ્ઞાન પરને—રાગદ્વેષાદિને તથા બીજા ગુણોને જાણવાની તાકાતવાળું છે, માટે જ્ઞાન વિશેષ ચેતના છે, તે જ્ઞાનની પરિણતિમાં અનંત શક્તિઓનો ખ્યાલ આવી જાય છે. બહારગામ જનારે તેની દિશા પ્રથમ જાણવી જોઈએ. દિશાના ખ્યાલ વિના ધારેલા ગામે પહોંચે નહિ. તેમ આત્મામાં પુણ્ય-પાપના ભાવથી જવાતું નથી. આત્મા કોણ છે તેની સાચી દિશા બાંધે તો તેમાં જવાય. અહીં જ્ઞાનગુણ સર્વને જાણનાર છે. માટે તેને પહેલો લીધો છે.


**૨. સૂક્ષ્મગુણ :**—જો સૂક્ષ્મ ગુણ ન હોત તો આત્મા ઈન્દ્રિયગ્રાહ્ય થઈ જાત. પણ આત્મા સૂક્ષ્મ છે, તેથી તે અતીન્દ્રિય ગ્રાહ્ય છે. શરીરરૂપી સ્થૂલ છે ને આત્મા અરૂપી સૂક્ષ્મ છે, માટે આત્મા શરીર તથા ઇન્દ્રિયો વડે જણાય એવો નથી. આત્માના બધા ગુણો સૂક્ષ્મ છે. પુણ્ય-પાપ સૂક્ષ્મ નથી. શરીર, મન, વાણી સ્થૂલ છે, દયા-દાનાદિ વિકારીભાવ પણ સ્થૂલ છે. આત્મવસ્તુ સૂક્ષ્મ છે. માટે જ્ઞાન દ્વારા આત્મા પકડાય તેવો છે, સૂક્ષ્મતા વડે જ્ઞાનની સિદ્ધિ છે.

**૩. સત્તાગુણ :**—જો સત્તા એટલે અસ્તિત્વગુણ-હોવાપણા નામનો ગુણ, તે ન હોય તો સૂક્ષ્મ શાશ્વત રહેત નહિ. જ્ઞાન ખ્યાલમાં આવે છે તે ઇન્દ્રિયગ્રાહ્ય નથી, માટે સૂક્ષ્મ છે ને સત્તાગુણ ન હોત તો સૂક્ષ્મપણું શાશ્વત ન હોત. હોવાપણાનો ભાવ ન હોત તો સૂક્ષ્મ ટકી ન રહેત ને જ્ઞાન પણ નિત્ય ન રહેત. આત્મામાં અનંતા ગુણો છે, તેને ઓળખાવે છે. તેવા ગુણોની પર્યાય ગુણીમાં એકરૂપ થાય તો ધર્મ થાય. આમાંથી એક ગુણ પણ ઓછો માને તો વસ્તુ સાબિત ન થાય.

**૪. વીર્યગુણ :**—સ્વભાવની રચના કરે તે વીર્યગુણ છે, પુરુષાર્થ તેની પર્યાય છે. જો વીર્યગુણ ન હોત તો સત્તાનું રહેવું બની શકે નહિ. સત્તાની પ્રાપ્તિ ન હોત, વીર્ય ન હોત તો જ્ઞાનને સૂક્ષ્મના સામર્થ્યની પ્રાપ્તિ ન હોત. વીર્યના સત્તાના સામર્થ્યની પ્રાપ્તિ થાય છે ને સત્તાથી સૂક્ષ્મતાની પ્રાપ્તિ ને સૂક્ષ્મતાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

સ્વભાવને રુચે તે વીર્ય છે. અનંતા ગુણોના સામર્થ્યને રુચે તે વીર્ય છે. વીર્યગુણ વિના સત્તાનું સામર્થ્ય ને જ્ઞાનનું સામર્થ્ય ખ્યાલમાં આવત નહિ. બધા ગુણોમાં વીર્ય નિમિત્ત છે. (ક્રમશઃ) ❊

**પરદ્રવ્યને આશ્રય શ્રમણ અજ્ઞાની પામે મોહને**
**વા રાગને વા દ્વેષને, તો વિવિધ બાંધે કર્મને. ૨૪૩.** **—શ્રી પ્રવચનસાર**



## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત ઉપર પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પ્રવચનો

### વચનામૃત–૨૭

**આવા કાળે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીએ આત્મા પ્રાપ્ત કર્યો તેથી પરમ પૂજ્ય ગુરુદેવ એક 'અચંબો' છે. આ કાળે દુષ્કરમાં દુષ્કર પ્રાપ્ત કર્યું; પોતે અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો અને બીજાને માર્ગ બતાવ્યો. તેમનો મહિમા આજે તો ગવાય છે પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે. ૨૭.**

વચનામૃતના આ ૨૭મા બોલમાં તો એમની (બેનની) ભક્તિનાં વચન છે.

### વચનામૃત–૨૮

**ભવિષ્યનું ચિતરામણ કેવું કરવું તે તારા હાથની વાત છે. માટે કહ્યું છે કે, 'બંધ સમય જીવ ચેતીએ, ઉદય સમય શા ઉચાટ'. ૨૮.**

'ભવિષ્યનું ચિતરામણ કેવું કરવું તે તારા હાથની વાત છે.'

ભવિષ્યનો કેવો ભવ થવાનો, કે જેવો તારો વર્તમાન ભાવ. તારો તે ભાવ વર્તમાન તારા હાથમાં છે.

માટે કહ્યું છે કે, 'બંધ સમય જીવ ચેતીએ, ઉદય સમય શા ઉચાટ'.

ઉદય સમયે ઉચાટ શા? બંધના સમયે, ભાવ કરતી વખતે, ચેત ને! પછી બંધ જે થયો તેનો ઉદય આવે તે આવશે. તે બંધને કાળે ચેતવું એટલે કે સ્વસન્મુખ થઈને દર્શન, જ્ઞાન ને ચારિત્રની દશા પ્રગટ કરવી. બંધ સમયમાં ચેતવું કે જેથી એના ફળ તરીકે ઉદયમાં ઉચાટ શા? પછી એનું ફળ આવે તે આવવાનું. એ ભવિષ્યનું ચિતરામણ પોતાના હાથમાં છે—એમ કહે છે.

### વચનામૃત–૨૯

**જ્ઞાનને ધીરું કરીને સૂક્ષ્મતાથી અંદર જો તો આત્મા પકડાય એવો છે. એક વાર વિકલ્પની જાળ તોડીને અંદરથી છૂટો પડી જા, પછી જાળ ચોંટશે નહિ. ૨૯.**

નહિ મોહ, ને નહિ રાગ, દ્વેષ કરે નહીં અર્થો વિષે,
તો નિયમથી મુનિરાજ એ વિધવિધ કર્મો ક્ષય કરે. ૨૪૪. –શ્રી પ્રવચનસાર

**'જ્ઞાનને ધીરું કરીને સૂક્ષ્મતાથી અંદર જો તો આત્મા પકડાય એવો છે.'**

હવે કહે છે :—આત્મા જે વસ્તુ છે એ જ્ઞાનસ્વભાવી કાયમી અસલી સ્વરૂપે એક છે. વસ્તુ છે એ તો વસ્તુ છે જ. તેને ધીરજથી સૂક્ષ્મતાથી અંદરમાં જો, તો તને પકડાશે. કાંઈક કરવું, શુભભાવની ક્રિયા,—એ કાંઈ સાધન નથી. પરની અપેક્ષા વિનાનો પોતાનો પ્રભુ–પોતાનું પૂર્ણ સ્વરૂપ ધીરું છે, શાશ્વત છે. શું કહ્યું એ? વસ્તુ છે એ નિર્વિકલ્પ શાંતિસ્વરૂપ છે;–શાંત, શાંત, શાંત સ્વરૂપ પોતે જ ધીરું છે, શાશ્વત છે; તેને વર્તમાન દશામાં ધીરું કરીને—તે દશા શાશ્વત તરફ વળે એ રીતે કરીને, સૂક્ષ્મતાથી અંદર જો, તો આત્મા પર્યાયમાં પકડાય એવો છે.

અનિત્ય એવા પુણ્ય-પાપના ભાવની અપેક્ષા છોડી દઈ, જે સ્વભાવથી ધીરું, શાશ્વત અને શાંત છે તેને એ નમૂનામાં—વર્તમાન પર્યાયમાં—ધીરું, શાંત કરીને સૂક્ષ્મતાથી અંદર જો, તો તે (આત્મા) પકડાય એવો છે, અનુભવમાં આવે એવો છે. અહા! આવી વાત છે.

પ્રશ્નઃ—આગમથી ને શુભભાવથી થાય ને—પકડાય ને?

ઉત્તરઃ—એ બધી વાતો; એ તો નિમિત્ત કેવું હોય, ત્યાં કેવો વિકલ્પ નિમિત્તપણે હોય—એનું જ્ઞાન કરાવ્યું છે. આગમમાં જ નહિ પણ અધ્યાત્મશાસ્ત્રમાં પણ કહ્યું છે. પંચાસ્તિકાયની ૧૭૨મી ગાથાની ટીકામાં ભિન્ન સાધ્ય-સાધનની વાત કહી છે. એ કહેવાની અપેક્ષા કઈ છે? એ વખતે વિકલ્પ હોય પહેલાં; તેનું જ્ઞાન કરાવવા એને સાધન કહ્યું છે. ખરેખર 'જે સાધન છે નહિ' તેને સાધન કહ્યું છે. છે ને બીજી ચીજ? નિમિત્ત વસ્તુ નથી? ઉચિત નિમિત્તો ક્યે સ્થળે નથી? નિમિત્ત છે, પણ કાર્ય નિમિત્તથી થતું નથી. પોતાના પરિણામસ્વભાવને લીધે દરેક દ્રવ્યને પર્યાયની ઉત્પત્તિ થાય છે, તે કાળે તેને ઉચિત નિમિત્તો ક્યાં નથી? દરેક સમયે ઉચિત નિમિત્ત હોય જ છે; છતાં એ નિમિત્તથી થાય છે—એમ વસ્તુસ્વરૂપમાં નથી. વિકલ્પ સાધન નથી, અંદર વિકલ્પથી પણ જુદાપણાનું ભેદજ્ઞાન કરેલું છે. તે વખતે જે ઉચિત વિકલ્પ હોય છે તેને સાધન તરીકેની ઉપમા અપાય છે. ખરેખર તો વિકલ્પ સાધન છે નહિ, એ તો એને બાધક છે. તો પછી સાધન આ એક જ છે કે જ્ઞાનને ધીરું કરીને સૂક્ષ્મતાથી અંદર જોવું—અંદર આત્માને પકડવો.

શાસ્ત્રમાં પણ કથન આવે કે વ્રત વગેરે શુભ કરતાં શુદ્ધ થશે. પણ શુભ કરતાં

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૪ ઉપર)

# જીવન ધર્મને માટે છે–ધનને માટે નહિ

**આ અવસર સ્વભાવધર્મનું સાધન કરવા માટે છે, ધનની વૃદ્ધિ માટે નહિ. માટે હે જીવ! ઈષ્ટ એવો જે સ્વભાવ તેને સાધવાનો ઉદ્યમ કર...ધનની વૃદ્ધિને અર્થે આ જીવનને વેડફી ન નાંખ.**

ઈષ્ટ ઉપદેશ એટલે આત્માના હિતનો ઉપદેશ આપતાં શ્રી પૂજ્યપાદસ્વામી કહે છે કે અરે જીવ! આત્માના સ્વભાવધર્મનું સાધન કરવા માટે આ અવસર છે. એમાં સ્વભાવનું સાધન કરવાને બદલે ધનને વધારવા માટે તું આ અવસર વેડફી નાંખે છે તો તારા જેવો મૂર્ખ કોણ? તું દિનરાત ધનની વૃદ્ધિ અર્થે પ્રયત્ન કરીને પાપ બાંધે છે, ને સ્વભાવધર્મનું સાધન તું કરતો નથી. આયુષ્ય અને પુણ્ય ઘટે છે છતાં ધનની વૃદ્ધિથી તું માને છે કે હું વધ્યો, પણ ભાઈ, એમાં તારું કાંઈ હિત નથી. તારું હિત તો એમાં છે કે તું તારા સ્વભાવનું સાધન કર...આત્માના મોક્ષને માટે પ્રયત્ન કર. આ ભવ છે તે ભવના અભાવને માટે છે એમ સમજીને તું આત્માના હિતનો ઉદ્યમ કર. આવો હિતકારી ઈષ્ટ ઉપદેશ સંતોએ આપ્યો છે.

અરે, ધનનો લોલૂપી માણસ પોતાના જીવન કરતાંય ધનને વહાલું ગણે છે. કાળ જતાં ધનનું વ્યાજ વધે છે એમ તે ગણતરી કરે છે પણ આયુષ્ય ઘટતું જાય છે. એનો એને કાંઈ વિચાર નથી. એને ધન જેટલું વહાલું છે તેટલું જીવન વહાલું નથી, તેથી ધનને અર્થે જીવનને વેડફી નાંખે છે. ઈષ્ટ એવો જે આત્મા તેને ભૂલીને તેણે ધનને ઈષ્ટ માન્યું, તેથી ધનને અર્થે જીવન ગાળે છે. પણ ઈષ્ટ તો મારો જ્ઞાન સ્વભાવી આત્મા છે, એના સિવાય બીજું કાંઈ મારું ઈષ્ટ નથી એમ જેણે આત્માને ઈષ્ટ જાણ્યો તે જીવ આત્માને સાધવા માટે પોતાનું જીવન ગાળે છે, ઈષ્ટ તો સાચું તે જ છે કે જેનાથી ભવ દુઃખ ટળે ને મોક્ષસુખ મળે. આવા ઈષ્ટને જે ભૂલ્યો તે જ પરને ઈષ્ટ માનીને તેમાં સુખ માને છે ને તેમાં જીવન ગુમાવે છે. ધર્મીને તો આત્માનો સ્વભાવ જ સુખરૂપ ને વહાલો લાગ્યો છે, 'જગત ઈષ્ટ નહિ આત્માથી' એમ આત્માને જ ઈષ્ટ સમજીને તેના સાધનમાં જીવન ગાળે છે.

ભાઈ, ધનની વાંછાથી તારા આત્માને તું પાપના કીચડથી મલિન ન કર; અરે, ધન

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૫ ઉપર)

**શુદ્ધોપયોગી શ્રમણ છે, શુભયુક્ત પણ શાસ્ત્રે કહ્યા;**
**શુદ્ધોપયોગી છે નિરાસ્રવ, શેષ સાસ્રવ જાણવા. ૨૪૫.** **–શ્રી પ્રવચનસાર**

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—આત્મામાં રાગ-દ્વેષ થતા હોવા છતાં તે રાગ-દ્વેષ હું નહિ—એમ તે ક્ષણે જ કેમ માન્યતા થાય? રાગ-દ્વેષ વખતે જ રાગ-દ્વેષ રહિત જ્ઞાનસ્વભાવની શ્રદ્ધા કઈ રીતે થઈ શકે?

ઉત્તર :—રાગ-દ્વેષ થતા દેખાય છે તે તો પર્યાયદૃષ્ટિ છે, તે જ વખતે જો પર્યાયદૃષ્ટિ ગૌણ કરીને સ્વભાવની દૃષ્ટિથી જુઓ તો આત્માનો સ્વભાવ રાગરહિત જ છે.—એની શ્રદ્ધા ને અનુભવ થાય છે. રાગ હોવા છતાં શુદ્ધ આત્મા તે રાગથી રહિત છે,—એમ જ્ઞાનવડે શુદ્ધ આત્મા જણાય છે. આત્મામાં એક જ ગુણ નથી પણ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર વગેરે અનંત ગુણો છે; રાગ-દ્વેષ થાય તે ચારિત્રગુણનું વિકારી પરિણમન છે ને શુદ્ધાત્માને માનવો તે શ્રદ્ધાગુણનું નિર્મળ પરિણમન છે તથા શુદ્ધાત્માને જાણવો તે જ્ઞાનગુણનું નિર્મળ પરિણમન છે. એ રીતે દરેક ગુણનું પરિણમન ભિન્ન-ભિન્ન કાર્ય કરે છે. ચારિત્રના પરિણમનમાં વિકારદશા હોવા છતાં, શ્રદ્ધા-જ્ઞાન તેમાં ન વળતાં ત્રિકાળી શુદ્ધ સ્વભાવમાં વળ્યા, શ્રદ્ધાની પર્યાયે વિકારરહિત આખા શુદ્ધ આત્મામાં વળીને તેને માન્યો છે અને જ્ઞાનની પર્યાય પણ ચારિત્રના વિકારનો નકાર કરીને સ્વભાવમાં વળી છે એટલે તેણે પણ વિકારરહિત શુદ્ધ આત્માને જાણ્યો છે. આ રીતે, ચારિત્રની પર્યાયમાં રાગ-દ્વેષ હોવા છતાં શ્રદ્ધા-જ્ઞાન સ્વ તરફ વળતાં શુદ્ધ આત્માની શ્રદ્ધા તથા જ્ઞાન થાય છે. રાગ વખતે જો રાગરહિત શુદ્ધ આત્માનું ભાન થઈ શકતું ન હોય તો કોઈ જીવને ચોથું–પાંચમું–છઠ્ઠું વગેરે ગુણસ્થાન કે સાધકદશા જ પ્રગટી શકે નહિ અને સાધક ભાવ વગર મોક્ષનો પણ અભાવ ઠરે.

પ્રશ્ન :—પરને અને આત્માને સંબંધ નથી,—એ સમજવાનું પ્રયોજન શું?

ઉત્તર :—પર સાથે સંબંધ નથી એટલે પર લક્ષે જે વિકાર થાય તે મારું સ્વરૂપ નથી એમ પર સાથેનો સંબંધ તોડીને તેમજ પોતાની પર્યાયનું લક્ષ પણ છોડીને અભેદ સ્વભાવની દૃષ્ટિ કરવી તે જ આત્માનું પ્રયોજન છે.

**વાત્સલ્ય પ્રવચનરત વિષે ને ભક્તિ અર્હંતાદિકે**
**—એ હોય જો શ્રામણ્યમાં, તો ચરણ તે શુભયુક્ત છે. ૨૪૬. –શ્રી પ્રવચનસાર**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—પરમાગમસારના એક બોલમાં આવે છે કે 'અધ્ધરથી વિકલ્પો ચાલ્યા કરે' તો તેનો અર્થ શું છે ?

પૂજ્ય બહેનશ્રી :—પોતે જ્યાં રોકાતો હોય ત્યાં એ જાતના સમાધાન માટેના વિકલ્પો આવ્યા કરે. જ્યાં જ્યાં પોતાને શંકા પડતી હોય તેના વિચારો તેને આવ્યા કરે. સાંભળી લીધું અને જાણી લીધું પણ અંતરમાંથી તેને જે બેસવું જોઈએ તે અંદર ઊંડાણથી બેસે નહિ ત્યાં સુધી તેને લગતા, પોતાને સમાધાન થાય એવી જાતના વિચારો તેને આવ્યા કરે. જેને માટે તેને શંકા રહેતી હોય તેનો વારંવાર વિચાર કરીને તેની દૃઢતા પોતે ને પોતે કર્યા કરે.

મુમુક્ષુ:—સમાધાન ન થાય ત્યાં સુધી તેને વિકલ્પો વળગ્યા જ રહે ?

બહેનશ્રી :—સમાધાન ન થાય ત્યાં સુધી વિચારો આવ્યા જ કરે. વિભાવ કઈ રીતે છે ? રાગ થાય છે તે શું છે ? તેનાથી જુદો કેવી રીતે છે ? એવા અનેક જાતના વિચારો તેને આવે. છેલ્લો કયો વિકલ્પ ? તેનો કાંઈ નિયમ નથી, આત્માને લગતા વિચારો હોય. વિકલ્પો છૂટવા ટાઈમે જે વિકલ્પ હોય તે વિકલ્પથી (વિકલ્પના કારણે) છૂટતો નથી, પોતાની પરિણતિથી છૂટે છે—દ્રવ્યના આશ્રયે છૂટે છે.

પ્રશ્ન :—સમ્યગ્દૃષ્ટિને સ્વમાં ઉપયોગ હોય ત્યારે તો ધર્મ હોય, પણ પરમાં ઉપયોગ હોય ત્યારે તેને ધર્મ હોય કે નહિ ?

પૂજ્ય બહેનશ્રી :—ધર્મીને સ્વમાં ઉપયોગ હોય ત્યારે ધર્મ હોય અને પરમાં ઉપયોગ હોય ત્યારે ધર્મ ન હોય એવું બને જ નહિ. ઉપયોગ સાથે ધર્મનો સંબંધ નથી, પરિણતિ (દૃષ્ટિ) સાથે ધર્મનો સંબંધ હોય છે. ધર્મીની દૃષ્ટિ સ્વરૂપ ઉપર જામેલી જ હોય છે. જ્ઞાયકનું ગ્રહણ તથા તેની જ્ઞાતાની ધારા ચાલુ જ હોય છે. સ્વરૂપને નુકસાન થાય તે રીતે તેનો ઉપયોગ બહાર જતો જ નથી. ઉપયોગ બહાર જાય અને સ્વરૂપની પરિણતિ તૂટી જાય એવો એકત્વ બહારમાં થતો નથી. અનાદિથી પરિભ્રમણ કરી રહ્યો છે તો પણ દ્રવ્ય મૂળ સ્વભાવે જ રહ્યું છે. ઉપયોગ બહાર જાય તો પણ દ્રવ્યનો નાશ થતો નથી તો, જેણે દ્રવ્યદૃષ્ટિ યથાર્થપણે પ્રગટ કરી છે, પુરુષાર્થપૂર્વક દૃષ્ટિ પ્રગટ કરી છે, જ્ઞાતાની ધારા

પ્રગટપણે વર્તે છે તેને કોણ તોડી શકે ? પોતે સ્વરૂપમાં પુરુષાર્થપૂર્વક ઊભેલો છે. તેથી ઉપયોગ બહાર જાય છે તો પણ, તે ઉપયોગ પોતાની પરિણતિને તોડી શકતો નથી. તેને ભેદજ્ઞાનની ધારા ચાલુ જ રહે છે.

કમળ જેમ પાણીમાં નિર્લેપ રહે છે તેમ જ્ઞાની સદા નિર્લેપ જ રહે છે. બહારના ગમે તેવા સંયોગોમાં તે ઊભેલા દેખાય, છતાં પરિણતિ તો નિર્લેપ જ છે. અનાદિથી આત્મદ્રવ્ય જડ પદાર્થ સાથે એકમેક થયું જ નથી તેથી વસ્તુ સ્વભાવે તો નિર્લેપ છે જ, પણ આ તો જ્ઞાનીને પર્યાયમાં પણ નિર્લેપપણું પ્રગટ્યું છે તેથી નિર્લેપ જ રહે છે. જ્ઞાનીને પ્રગટપણે જ્ઞાતાધારાનું પરિણમન વર્તે છે. તે કારણે, જેમ કમળ પાણીમાં નિર્લેપ રહે છે તેમ, પરિણતિ જુદી અને જુદી નિર્લેપ જ રહે છે.

જ્ઞાનીને ઉપયોગ બહાર જાય ત્યારે ધર્મ છૂટી જતો નથી, નિર્મળ પરિણતિ ચાલુ જ રહે છે. તેને અંતરમાંથી જ્ઞાન-વૈરાગ્યની શક્તિ પ્રગટી છે તે શક્તિનું પરિણમન વર્તે જ છે—ચાલુ જ છે. તેથી ઉપયોગ બહાર જાય તો પણ જ્ઞાની પર સાથે એકત્વ થતો નથી. તે બહારથી ગૃહસ્થાશ્રમનાં કાર્યોમાં ને શુભ કાર્યોમાં દેખાય, તો પણ તેની પરિણતિ પર સાથે એકત્વ થતી નથી. બહારથી જોનારને જ્ઞાનીનું અંદરનું પરિણમન જોવું મુશ્કેલ પડે છે. તેની જ્ઞાન-વૈરાગ્ય શક્તિનું સામર્થ્ય અદ્ભુત છે. તેને જ્ઞાતાની ધારા સહજપણે વર્તે છે, અર્થાત્ તેને ભૂલી જાય અને યાદ કરવી પડે તેમ નથી. જ્ઞાતાની ધારા તેને ચાલુ જ હોય છે.

નિર્વિકલ્પ દશા કોઈ કોઈ વખતે થાય તે જુદી વાત છે, પરંતુ સવિકલ્પ દશામાં પણ જ્ઞાતાપણાની જ્ઞાનધારા ચાલુ જ છે. અજ્ઞાન દશામાં જે સવિકલ્પ દશા હતી અને આ જે સવિકલ્પ દશા છે તે બંનેની જુદી જાત છે. ગમે તેવા પ્રસંગમાં, બહારના ઉપસર્ગ—પરીષહ આવે તો પણ, તે સદા ન્યારો રહે છે, તેની જ્ઞાતાધારાને કોઈ તોડી શકતું નથી. અનુકૂળતાના ગંજ આવે કે પ્રતિકૂળતાના ઢગલા થાય, તેની જ્ઞાનધારાને કોઈ તોડી શકતું નથી. એવો પુરુષાર્થ તેને ચાલુ જ હોય છે.

જેને આત્માની લગની, આત્માના આનંદની અનુપમતા અને આત્માની મહિમા લાગી છે તેને બહારના કોઈ પદાર્થ લલચાવી શકતા નથી કે પ્રતિકૂળતામાં તે ખેદાઈ જતો નથી. એવું જ્ઞાન-વૈરાગ્યનું સામર્થ્ય તેને પ્રગટ્યું છે. હું તો જ્ઞાયક સ્વભાવ છું, આ પરિગ્રહ તે મારું સ્વરૂપ નથી. પુણ્ય-પાપના ભાવો આવે, પણ તેનાથી હું જુદો અને ન્યારો છું. હું તો એક જ્ઞાયકભાવ છું. મારી જ્ઞાતાધારાને કોઈ તોડી શકતું નથી.—આમ તીવ્ર પુરુષાર્થથી મોક્ષપંથે ચાલ્યો તે ચાલ્યો – ઉગ્ર પુરુષાર્થની ધારા ચાલી તે ચાલી – તેને કોઈ રોકી શકતું નથી.

## બાળ વિભાગ

## સૌને ઉપયોગી.....છ અક્ષરનો મંત્ર

સંસારમાં ગૃહસ્થોને વિધવિધ પ્રકૃતિવાળા અનેક માણસોના પરિવાર વચ્ચે રહેવાનું હોય છે, અને છતાં પરિવારમાં સ્નેહ-શાંતિ-પ્રેમ રહ્યા કરે તે જોવાનું હોય છે. તો તે કઈ રીતે રહી શકે? તેનો એક મંત્ર જાણવા જેવો છે.

એક સદ્‌ગૃહસ્થ સેંકડો માણસોના પરિવાર વચ્ચે રહેતા હતા, વિધવિધ પ્રકૃતિના નાના-મોટા માણસોમાં રોજરોજ અવનવા પ્રસંગો બનતા, છતાં પરિવારમાં સર્વત્ર શાંતિનું વાતાવરણ રહેતું હતું.—આ કારણે આખા ગામમાં એ પરિવારના સંપના વખાણ થતાં હતાં.

હવે બીજા એક પરિવારમાં બે-ચાર માણસો જ હતાં, છતાં તેઓ સંપીને સાથે રહી શકતાં ન હતાં, ને રોજ કાંઈને કાંઈ ક્લેશ થયા કરતો. એકવાર તે સદ્‌ગૃહસ્થના પરિવારની શાંતિ સાંભળીને આ પરિવારના માણસોને આશ્ચર્ય થયું, અને તેનું રહસ્ય જાણવા માટે તેમની પાસે ગયા, અને તે વાત પૂછી.

ત્યારે તે વડીલ સદ્‌ગૃહસ્થે કહ્યું : ભાઈઓ, વિશાળ પરિવારની વચ્ચે પણ શાંતિ રહેવી એ કાંઈ અઘરી વાત નથી. તે માટે તેમણે એક કાગળ આપીને કહ્યું કે, શાંતિ માટેનો મહાન મંત્ર મેં આમાં લખ્યો છે, તે મંત્ર વડે જરૂર તમારા પરિવારમાં પણ શાંતિ થશે.

તે માણસોએ ઘરે જઈને તે મંત્ર વાંચ્યો....સો વાર વાંચ્યો....ને તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા—કે વાહ! આટલો સહેલો મંત્ર! અને તે મંત્રથી તરત જ તેમના પરિવારમાં શાંતિનું આનંદમય વાતાવરણ ફેલાઈ ગયું.

પાઠકજી! તમને પણ તે મંત્ર જાણવાની ઉત્કંઠા હશે : તો સાંભળો! સદ્‌ગૃહસ્થે કાગળમાં એક જ મંત્ર સો વાર લખ્યો હતો કે 'સહનશીલતા'.... સહનશીલતા... સહનશીલતા.... સહન....' (વાહ! કેવો સહેલો મંત્ર! અને છતાં જીવનમાં સદાય કેવો ઉપયોગી છે!)

સહનશીલતા એક એવો અમોઘ મંત્ર છે કે, જ્યાં બીજા કોઈ ઉપાયો કામ ન કરે ત્યાં પણ તે મંત્ર કામ કરે છે. સર્વ પ્રસંગમાં ઉપયોગી એવા એ મંત્રનો પ્રયોગ કદી નિષ્ફળ જતો નથી.

ગુરુદેવ ઘણીવાર કહેતા કે જ્યાં બીજા બધા પ્રકારે નિરુપાયતા હોય ત્યાં પણ 'સહનશીલતા' તે અમોઘ ઉપાય છે. સાચી સહનશીલતા રાગ-દ્વેષ વગરની હોવી જોઈએ, એટલે તે સહનશીલતાને આપણે વીતરાગી—સમભાવ પણ કહી શકીએ. જિનવાણીએ આપણને વીતરાગતાના મંત્રો આપ્યા છે.

વીતરાગભાવ—રસિક સાધર્મીઓ ! સંસારમાં—ગૃહવાસમાં ડગલે ને પગલે ઊભા થતા વિખાવાદના પ્રસંગોની વચમાં અશાંતિના ઘોર દુઃખમાંથી છૂટવા માટે તમે આ 'સહનશીલતા' મંત્રનો પ્રયોગ કરી જુઓ....તે જરૂર સફળ થશે, તમારી શક્તિ રાગ-દ્વેષમાં વેડફાતી અટકી જશે, ને સર્વ શક્તિ આત્મહિત સાધવામાં કેન્દ્રિત થઈ જશે, એટલે શીઘ્ર જ આત્મહિત સાધીને તમે મહાન શાંતિની અનુભૂતિ કરશો. બસ, બીજું શું જોઈએ !

"સ હ ન શી લ તા"

---

(અનુસંધાન પેજ નં. ૨૦ થી ચાલુ)

કમાઈને પછી પૂજા-પ્રભાવના-દાનાદિમાં વાપરીને પુણ્ય કરીશું—એવી વાંછાથી પણ ધનની લોલુપતા ન કર. તારી વૃત્તિને આત્માના હિતના ઉદ્યમમાં જોડ એ જ સૌથી ઇષ્ટ છે, લક્ષ્મી મેળવવાની લોલુપતાથી તો તારો આત્મા કાદવ જેવા પાપથી લેપાય છે. અત્યારે પાપ કરીને પછી પુણ્ય કરશું એમ માનનાર તો મૂર્ખ છે, શરીર ઉપર કાદવ ચોપડીને સ્નાન કરી લેવું એમ માનનાર જેવો તે મૂર્ખ છે. ભાઈ, કાદવ ચોપડીને પછી નહાવું, એના કરતાં પહેલેથી જ કાદવથી દૂર રહેને ? તેમ ભવિષ્યમાં દાનાદિ કરવાને બહાને અત્યારે તારા આત્માને પાપરૂપી કાદવથી શા માટે લેપે છે ? હા, સહેજે તને પુણ્યથી જે લક્ષ્મી વગેરે મળી હોય તેને તું દાન-પૂજા-સાધર્મીનો આદર વગેરે સત્કાર્યમાં વાપર.

ભાઈ, પાપભાવ તો કોઈ પ્રકારે ઇષ્ટ નથી. લક્ષ્મી વગેરે મેળવવાની વૃત્તિ તે પાપ છે. એને તો છોડ. ને રાગ ઘટાડી આત્માનું જેમ હિત થાય તેમ તું કર. ધનને મેળવવાના ભાવમાં દુઃખ છે, ધનની રક્ષાના ભાવમાંય દુઃખ છે ને ધનને ભોગવવાના ભાવમાંય એકલી અતૃપ્તિ ને દુઃખ જ છે. જેમાં સર્વત્ર દુઃખ ને આકુળતા છે તેમાં તારું હિત જરાય નથી. તો તેને ઇષ્ટ કોણ માને ? હિત તો આત્માની સાધનામાં છે,—જેમાં શરૂઆતમાં પણ શાંતિ ને જેના ફળમાં પણ મોક્ષસુખની અપૂર્વ શાંતિ.—આવું મોક્ષસાધન તે જ આત્માનું ઇષ્ટ છે. માટે તેનો જ ઉદ્યમ તું કર—એમ સંતોનો ઇષ્ટોપદેશ છે.

(ઇષ્ટોપદેશ પ્રવચનમાંથી)

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત**

# બૃહદ્-દ્રવ્યસંગ્રહ અધ્યયન વર્ષ

**સૌજન્ય : માતુશ્રી લલિતાબેન વ્રજલાલ શાહ, પરિવાર જલગાંવ**

## પ્રશ્નપત્ર ક્રમાંક-૪ (કુલ માર્ક્સ-૫૦)

અભ્યાસ ક્રમ –બૃહદ્-દ્રવ્યસંગ્રહ ગાથા ૨૧ થી ૨૭ તથા ચૂલિકા

સૂચના : (૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.
(૨) પ્રશ્નોના ઉત્તર બૃહદ્-દ્રવ્યસંગ્રહ આધારિત આપવાના રહેશે.

**પ્રશ્ન-૧ : નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઈપણ ૧૦ પ્રશ્નોના જવાબ લખો. (બે લાઈન) ૨૦**

(૧) કાળદ્રવ્યમાં વ્યવહારકાળ અને નિશ્ચયકાળ કોને કહે છે ?
(૨) કાળદ્રવ્યની સમયાદિ પર્યાયમાં ઉપાદાનકારણ કાળદ્રવ્ય નથી પણ પુદ્ગલ છે ? આ વાત સત્ય છે ? સમજાવો.
(૩) કાળદ્રવ્યની સંખ્યા કેટલી છે તે ક્યા પ્રકારે છે ?
(૪) લોકાકાશની બહાર કાળદ્રવ્યનો અભાવ હોવાથી બાકીના આકાશદ્રવ્યનું પરિણમન કઈ રીતે થાય ?
(૫) વ્યવહારકાળ કઈ રીતે લક્ષિત થાય છે ?
(૬) દ્રવ્યો કેટલાં છે ? તેમાંથી અસ્તિકાયો કેટલાં છે ?
(૭) કાળ સિવાય પાંચ દ્રવ્યોને અસ્તિત્વ અને કાયત્વ શા માટે કહ્યું છે ?
(૮) છ દ્રવ્યમાં દરેકના પ્રદેશો કેટલા છે ? કાળને શા માટે કાયત્વ નથી ?
(૯) પુદ્ગલ એકપ્રદેશી હોવા છતાં પણ તેને કાયત્વ શા માટે કહેવાય છે ?
(૧૦) અણુસંજ્ઞા તો પુદ્ગલની છે તો કાળને અણુસંજ્ઞા કઈ રીતે છે ?
(૧૧) પ્રદેશનું માપ કઈ રીતે નક્કી થાય છે ?

**પ્રશ્ન-૨ નીચેનામાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના જવાબ વિસ્તારથી આપો (પાંચથી છ લાઈન) ૧૫**

(૧) જો કાળદ્રવ્ય પોતાના પરિણમનમાં ઉપાદાનકારણ અને સહકારીકારણ પણ હોય તો દ્રવ્યોના પરિણમનમાં કાળદ્રવ્યનું પ્રયોજન શું છે ?
(૨) દ્રવ્યોને પોતાના ગુણ-પર્યાયો સાથે ક્યા પ્રકારે ભેદ છે અને ક્યા પ્રકારે ભેદ નથી સમજાવો.
(૩) પરમાણુની જેમ આત્મા પણ સ્વભાવે વિશુદ્ધ હોવા છતાં તેને બંધ કેમ થાય છે ?
(૪) લોકાકાશના પ્રદેશો અસંખ્ય હોવા છતાં તેમાં અનંતાનંત પુદ્ગલો તથા અનંત આત્માઓ કઈ રીતે રહી શકે ?

**પ્રશ્ન-3 નીચેના પ્રશ્નોના જવાબ આપો (એક વાક્યમાં) ૪**

(૧) નિશ્ચયકાળનું લક્ષણ શું છે ? .........................
(૨) છ દ્રવ્યો અસ્તિ છે કારણ કે તેઓ .................... છે ?
(૩) જીવ દ્રવ્યને ક્યા નયથી મૂર્ત કહેવાય છે ? ..............................
(૪) આકાશદ્રવ્યનું લક્ષણ શું છે ? ............................

**પ્રશ્ન-૪ નીચેનામાંથી કોઈપણ એક વિષય ઉપર નિબંધ લખો (વીસ લાઈન) ૧૧**

(૧) કાળ દ્રવ્યનું સ્વરૂપ નિશ્ચય અને વ્યવહારથી વિસ્તારથી સમજાવો. જૈનાભાસો કાળદ્રવ્યને શા માટે માનતા નથી ? (૨)આ ગ્રંથમાં ચૂલિકામાં દર્શાવ્યા પ્રમાણે છ દ્રવ્યોનું સ્વરૂપ વિસ્તારથી સમજાવો.

ઉત્તરપત્ર મોડામાં મોડા તા. ૮-૭-૨૦૧૬ સુધીમાં સોનગઢ પહોંચાડવા વિનંતી

## શ્રી બોરીવલી દિગંબર જૈન મુમુક્ષમંડળ, બોરીવલી-મુંબઈ દ્વારા
## અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં વિવિધ અદ્‌ભુતતાયુક્ત અત્યાનંદોલ્લાસથી ઊજવાયેલ

# પરમ ઉપકારી કહાન ગુરુદેવનો
# મહામંગલકારી ૧૨૭મો જન્મ મહોત્સવ

### પંચાહ્નિક આયોજન તથા ઉત્સાહ

ચરમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીરસ્વામીની દિવ્યધ્વનિથી પ્રસૂત તથા ભગવત્કુંદકુંદાચાર્યદેવ દ્વારા પ્રવાહિત સ્વાનુભવમુદ્રિત અધ્યાત્મયુગસ્રષ્ટા ધર્મપુરુષ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ૧૨૭મો આનંદકારી વાર્ષિક મંગલ જન્મોત્સવ, તેઓની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સ્વાનુભૂતિતીર્થ શ્રી સુવર્ણપુરી (સોનગઢમાં) તા. ૪-૫-૨૦૧૬ થી તા. ૮-૫-૨૦૧૬ સુધી પંચાહ્નિક, ગુરુ-મહિમાદ્યોતક વિભિન્ન રોચક કાર્યક્રમ સહ અતિ ભવ્ય સમારોહપૂર્વક ઊજવવામાં આવ્યો હતો.

### પૂજન મંડપમાં શ્રી જંબૂદ્વીપ પૂજન વિધાનનું ભવ્ય આયોજન

સ્વાધ્યાયમંદિરની પૂર્વદિશામાં ભવ્ય ડોમ મંડપની રચના કરી તેમાં સુંદર તેમજ કલાત્મક જંબૂદ્વીપનું માંડલું તૈયાર કરી તેમાં શ્રી મહાવીર ભગવાનની અધ્યક્ષતામાં શ્રી જંબૂદ્વીપ વિધાન પૂજા ભવ્ય રીતે કરવામાં આવી હતી. આ પૂજન વિધાનનો એકસાથે ૧૫૦૦ થી ૧૬૦૦ મુમુક્ષુઓએ ઉત્સાહથી લાભ લીધો હતો. વહેલા તે પહેલાના ધોરણ મુજબ બધા મુમુક્ષુ શાંતિથી બેસી પૂજા કરી શકે તેવી વ્યવસ્થા બોરીવલી દિગંબર જૈન મુમુક્ષુમંડળના કાર્યકર્તાઓએ કરી હતી.

### ઉત્સવનો દૈનિક કાર્યક્રમ

ભવ્ય સજાવટોથી વિભૂષિત મનોહર મંડપમાં ક્રમશઃ સવારે પૂજ્ય ગુરુદેવશ્રીનું માંગલિક તથા પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચા રાખવામાં આવી હતી. સવારે પૂજન મંડપમાં શ્રી જંબૂદ્વીપ વિધાન પૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી ઇષ્ટોપદેશ શાસ્ત્ર ઉપર અધ્યાત્મ—રસપૂર્ણ સીડીપ્રવચન, પ્રાસંગિક—ગુરુભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ, બપોરે સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્ર પ્રવચન, જિનેન્દ્રભક્તિ તથા સાંજીભક્તિ, શિક્ષણવર્ગ, રાત્રે પૂજ્ય ગુરુદેવશ્રીનું 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર સીડી પ્રવચન, તથા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ.—આ પ્રક્રમ બરાબર નિયમિત સુચારુરૂપે ચાલતો હતો. આ મહોત્સવમાં મંડપ મોટો બાંધવામાં આવ્યો હતો છતાં વિધાન પૂજા, પ્રવચન તથા ભક્તિના પ્રત્યેક કાર્યક્રમમાં મુમુક્ષુઓની ઉપસ્થિતિથી જગ્યા પૂરી ભરાઈ જતી હતી.

### ભવ્ય રથોત્સવ તથા કહાનકુંવર—પારણાઝૂલન

વાર્ષિક ગુરુ—જન્મોત્સવના હર્ષોપલક્ષમાં તા. ૭-૫-૨૦૧૬ના દિવસે સાંજે 'ધાતકી-વિદેહના ભાવિ-તીર્થંકરદેવ'ના ભવ્ય રથોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. રથમાં જિનેન્દ્ર ભગવાનને બિરાજમાન કરવાનો લાભ શ્રી ધીરજબેન બાબુલાલ શાહ પરિવાર, ઘાટકોપરને તેમજ ભગવાનના રથના સારથી બનવાનો લાભ વાસંતીબેન ગુણવંતભાઈ ભાયાણી હ. ગુણવંતભાઈને પ્રાપ્ત થયો હતો. રથયાત્રામાં વિભિન્ન અનેક સજાવટ સાથે 'કહાનકુંવરના પારણાઝુલન'નો અતિ મનોહર ફ્લોટ બધાનું ગુરુભક્તિભીનું ચિત્ત પોતાની તરફ કેન્દ્રિત કરતો હતો. પારણાઝુલનની બોલીનું સૌભાગ્ય શ્રી પ્રીતિબેન નવીનભાઈ શાહને સંપ્રાપ્ત થયું હતું. બ્રહ્મચારિણી બહેનોએ મહિલા વિભાગમાં તથા ભજનમંડળીએ પુરુષવિભાગમાં મધુરા સંગીત દ્વારા રથોત્સવનું વાતાવરણ ભક્તિમય તથા અત્યંત રોચક બનાવી દીધું હતું.

ઉત્સવના ચારે દિવસ શ્રી બોરીવલી મુમુક્ષુમંડળ દ્વારા ઉપાદાન-નિમિત્તની અદાલત, દ્વારિકા દહન આદિ નાટિકાઓ તથા વિવિધ ભક્તિ નૃત્યગીતો સહ ઉપરોક્ત સાંસ્કૃતિક કાર્યક્રમ અત્યંત ભાવવાહી અને ભવ્ય રીતે રજૂ કરવામાં આવ્યા હતા. આ સર્વે કાર્યક્રમો મુમુક્ષુ ભાઈ-બહેનોને ખૂબ જ પસંદ આવ્યા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમ માટે બોરીવલી મંડળના ભાઈ-બહેનોએ ઘણી જ તૈયારી કરી હતી.

## ગુરુ-જન્મોત્સવ : વૈશાખી બીજ

## સભામંડપની શોભા તથા બીજનો કાર્યક્રમ

ગુરુ-જન્મ જયંતીના વાર્ષિક મંગલ દિવસે સવારે દેવશાસ્ત્રગુરુ દર્શન પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચા. ત્યારબાદ શ્રી જંબૂદ્વીપ વિધાન પૂજા સમાપન, સભામંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન તેમજ પૂજ્ય ગુરુદેવશ્રીના મંગલ વધાઈનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીનું વિમાન દ્વારા સ્ટેજ પર આગમન તેમજ અતિ ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ બોરીવલી મંડળ દ્વારા યોજવામાં આવ્યો હતો. પૂજ્ય બહેનશ્રીની વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના વધામણાંનું દૃશ્ય દર્શાવવામાં આવ્યું હતું. ગુરુદેવશ્રીને પ્રથમ વધાવવાનો લાભ બોરીવલી મંડળના પ્રમુખ શ્રી નવીનભાઈ પોપટલાલ શાહ પરિવારને મળ્યો હતો ત્યારબાદ અન્ય મુમુક્ષુઓએ ભક્તિ ઉલ્લાસ સહિત પૂજ્ય ગુરુદેવશ્રીના મંગલ વધામણા કર્યા. આ પ્રસંગે વધાવવાનો લાભ લેનાર મુમુક્ષુઓને પૂજ્ય ગુરુદેવશ્રીનો સંદેશ આપતી ૧૦૦ટચ ચાંદીની પ્રતિકૃતિ પ્રતીક તરીકે આપવામાં આવી હતી. આ ઉત્સવમાં વિવિધ દિવસોએ પૂજ્ય ગુરુદેવશ્રીનું જીવન દર્શાવતા વિવિધ પ્રકારના ચિત્રપટોથી સ્ટેજ શણગારવામાં આવતું હતું. વધાઈ વખતે ભક્તોનો ઉત્સાહ સમાતો નહોતો. આબાલ-વૃદ્ધ સર્વે ભક્તિથી નૃત્ય કરી રહ્યા હતા.

આ મંગલ અવસર પર સર્વશ્રી બ્ર. વજુભાઈ(વઢવાણ) ઉપસ્થિત હતા. બપોરના શાસ્ત્ર પ્રવચન તથા ઉત્તમ-મધ્યમવર્ગમાં અધ્યાપનકાર્ય ડૉ. પ્રવીણભાઈ દોશી—રાજકોટ, શ્રી સુભાષભાઈ શેઠ—વાંકાનેર, શ્રી અતુલભાઈ કામદાર—હૈદ્રાબાદ, શ્રી રાજુભાઈ કામદાર—રાજકોટ, શ્રી રમેશભાઈ મહેતા—સોનગઢ, શ્રી નીતિનભાઈ શેઠ—વાંકાનેર, શ્રી નિરંજનભાઈ ડેલીવાળા—સુરત, શ્રી વિરાટભાઈ વોરા—અમદાવાદ દ્વારા શાસ્ત્રપ્રવચન તથા ઉત્તમ-મધ્યમવર્ગમાં અધ્યાપનકાર્ય ગુરુમહિમાપૂર્ણ સુંદર શૈલીથી કરવામાં આવ્યું હતું.

## ઉત્સવના વિશેષ કાર્યક્રમ

શુક્રવાર તા. ૬-૫-૨૦૧૬ના રોજ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન બાદ ટ્રસ્ટના પ્રમુખ શ્રી હસમુખભાઈ વોરા, ટ્રસ્ટીઓ તથા શ્રી નેમિશભાઈ શાહ, શ્રી અક્ષયભાઈ દોશીની ઉપસ્થિતિમાં નીચે મુજબ વિમોચનના કાર્યક્રમ થયા હતા.

(૧) પરમાગમ શ્રી અષ્ટપ્રાભૃત (ગુજરાતી આવૃત્તિ)નું વિમોચન તેના સ્થાયી પુરસ્કર્તા તથા કિંમત ઘટાડવાનો લાભ લેનાર શ્રી નવીનભાઈ પોપટલાલ શાહ પરિવાર દ્વારા થયું.

(૨) જ્ઞાનચક્ષુનું વિમોચન (સમયસાર ગાથા ૩૨૦, જયસેનાચાર્ય ટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો) જેના સ્થાયી પુરસ્કર્તા તથા કિંમત ઘટાડવાનો લાભ લેનાર શ્રી બોરીવલી દિગંબર જૈન મુમુક્ષુમંડળ દ્વારા થયું.

(૩) બાલ સંસ્કાર સિંચન ડીવીડી કેસેટનું વિમોચન તેના સ્પોન્સર લંડનનિવાસી ગ્રુપ તરફથી પ્રવીણાબેન અમદાવાદવાળા દ્વારા થયું હતું.

(૪) નાટક સમયસાર અક્ષરશઃ પ્રવચનનું વિમોચન શ્રી કુંદકુંદકહાન દિગંબર જૈન મુમુક્ષુમંડળ, પાર્લાના ટ્રસ્ટીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

(૫) 'ઔષધ જે ભવરોગના' કેસેટનું ઉદ્‌ઘાટન શ્રી કુંદકુંદ કહાન પારમાર્થિક ટ્રસ્ટ તરફથી શ્રી નેમિશભાઈ શાહ દ્વારા થયું હતું.

(૬) બોરીવલી મંડળ દ્વારા બહાર પાડવામાં આવેલ પૂજ્ય ગુરુદેવશ્રીના તથા પૂજ્ય બહેનશ્રીનાં ભાવવાહી ફોટાઓનું કેલેન્ડરનું વિમોચન મંડળના ટ્રસ્ટીઓ દ્વારા થયું હતું.

સ્વાધ્યાયમંદિર સંકુલમાં ફોટા સહિત દર્શાવતું ભવ્ય બલુન તા. ૪-૫-૨૦૧૬ના દિવસે ૧૫૦ ફૂટ ઉંચે છોડવામાં આવ્યું હતું તે નવું જ આકર્ષણ હતું.

તા. ૮-૫-૨૦૧૬ના રોજ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન બાદ ટ્રસ્ટના પ્રમુખશ્રી હસમુખભાઈ વોરાએ જંબૂદ્વીપ-બાહુબલી નિર્માણકાર્યની પહેલેથી આજ સુધીની વિસ્તૃત માહિતી આપી હતી. પ્રોજેક્ટ ક્યાં સુધી પૂરો થયો છે અને હજુ આગળ કેવી રીતે પૂર્ણ કરવાની ભાવના છે તે વ્યવસ્થિત સમજાવ્યું હતું. જેથી મુમુક્ષુ સમાજમે ઘણી માહિતી મળી હતી.

કહાનગુરુ જન્મોત્સવના આ ઉત્સવને ભવ્ય રીતે ઉજવવા માટે બોરીવલી મુમુક્ષુ મંડળના પ્રમુખ શ્રી નવીનભાઈ પોપટલાલ શાહ તથા ટ્રસ્ટીઓ અને યુવાન કાર્યકરોએ ઘણી જ જહેમત ઉઠાવી હતી તેમજ કાર્યક્રમમાં પધારેલ મહેમાનો માટે ભવ્ય મંડપમાં શિસ્તબદ્ધ ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આવાસની વ્યવસ્થામાં મુમુક્ષુઓએ ઘણો જ સંતોષનો અનુભવ થયો હતો.

* * *

## શ્રી સમવસરણ મંદિરની હીરક જયંતી મંગલ પત્રિકા લેખનવિધિ સંપન્ન

શ્રી સમવસરણ મંદિરનો હીરકજયંતી મહોત્સવ (૭૫મો વાર્ષિક)ની નિમંત્રણ પત્રિકાની લેખનવિધિ તા. ૪–૫–૨૦૧૬, બુધવારના રોજ સાનંદ સંપન્ન થઈ. સવારે વિધાન પૂજન બાદ સર્વે મુમુક્ષુ ભાઈ–બહેનો રમેશભાઈ નારણદાસ શાહના નિવાસસ્થાને ગયા હતા. ત્યાં પત્રિકાના વધામણા સહ ભક્તિ કરવામાં આવી હતી. ત્યારબાદ ત્યાંથી વાજતે–ગાજતે મંગલ પત્રિકા મંડપમાં લાવવામાં આવી હતી. બાદ પત્રિકાનું વાંચન મહોત્સવના સૌજન્યદાતા શ્રી નારણદાસ કરશનજી શાહ પરિવાર તથા શ્રી ચંદુલાલ શિવલાલ સંઘવી પરિવાર વતી શ્રી રમેશભાઈ નારણદાસ શાહે કર્યું હતું. ત્યારબાદ પત્રિકાની લેખનવિધિ અનેક મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં ભક્તિસહ સાનંદ સંપન્ન થઈ.

## * મંગલ વાણી ૩ કેસેટ વિમોચન *

શ્રી મહાવીર જયંતી તા. ૧૯-૪-૨૦૧૬ના પાવન અવસર પર શ્રી કુંદકુંદકહાન પારમાર્થિક ટ્રસ્ટની નવી પ્રસ્તુતિ મંગલ-વાણી ૩ નું વિમોચન શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરના ટ્રસ્ટીઓ તથા શ્રી શાંતિલાલ રતિલાલ શાહ પરિવારના સભ્યો દ્વારા થયું હતું. મંગલ-વાણી–૩ માં પૂજ્ય ગુરુદેવ શ્રીના શ્રી યોગસાર શાસ્ત્ર પર હિન્દી સબ ટાયટલયુક્ત પ્રવચનો છે.

મંગલવાણી–૩ મંગાવવા માટે શ્રી કુંદકુંદકહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા (વેસ્ટ) મુંબઈનો સંપર્ક કરવો. ફોન નં. ૦૨૨-૨૬૧૩૦૮૨૦, ૨૬૧૦૪૯૧૨

## વૈરાગ્ય સમાચાર :–

વાંકાનેર નિવાસી (હાલ–ઘાટકોપર) શ્રી છગનલાલ ન્યાલચંદ મહેતા (–તે શ્રી નિખિલભાઈના પિતાશ્રી) (ઉ.વ. ૯૬)નું તા. ૧૯-૧-૨૦૧૬ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. પૂજ્ય બહેનશ્રીને જ્યારે સમ્યગ્દર્શન થયું હતું ત્યારે તેઓ ત્યાં હાજર હતા.

અમદાવાદનિવાસી પ્રિયવંદાબેન ચીમનલાલ કોઠારી (ઉ.વ. ૮૧)નું તા. ૨૭-૧-૨૦૧૬ના રોજ દેહપરિવર્તન થયેલ છે.

મોરબીનિવાસી શ્રી લાભુબેન ભોગીલાલ શાહ (ઉ.વ. ૮૭)નું તા. ૭-૨-૨૦૧૬ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

ઉમરાળાનિવાસી (હાલ મુલુંડ) ઈંદિરાબેન વસંતરાય પારેખનું તા. ૧૮-૨-૨૦૧૬ના રોજ દેહપરિવર્તન થયેલ છે.

અમદાવાદનિવાસી ચંદનાબેન (પ્રફુલાબેન) ચીમનલાલ ગોસળીયા (ઉ.વ. ૭૯)નું તા. ૧૯-૩-૨૦૧૬ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

અડતાળાનિવાસી (હાલ ભાવનગર) વિજયાબેન રમણિકલાલ અજમેરાનું તા. ૬-૪-૨૦૧૬ના રોજ દેહપરિવર્તન થયેલ છે.

શ્રી નિરંજનભાઈ જસાણી (–તે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના ભૂતપૂર્વ ટ્રસ્ટી શ્રી આનંદભાઈ જસાણીના સુપુત્ર) (ઉ.વ. ૭૨) નું તા. ૧૧-૪-૨૦૧૬ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓ વારંવાર સોનગઢ આવી લાભ લેતા હતા.

ઝવેરી બજાર મંદિર મુંબઈના ભૂતપૂર્વ ટ્રસ્ટી સ્વ. શ્રી મુકુંદભાઈ ખારાના ધર્મપત્ની શ્રીમતી વસુમતીબેન ખારા (ઉ.વ. ૮૫)નું તા. ૨-૫-૨૦૧૬ના રોજ દેહ પરિર્તવન થયેલ છે.

મલકાપુરનિવાસી બ્ર. પં. શ્રી રમેશભાઈ રતનલાલ જટાલે (ઉ.વ. ૭૬) શનિવાર તા. ૭-૫-૨૦૧૬નાં સંપૂર્ણ જાગૃતિમાં દેહ પરિવર્તન કરેલ છે. તેઓ નાનપણથી સોનગઢ રહી પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીના તત્ત્વજ્ઞાનનો લાભ લીધો હતો. તેઓએ પ્રવચનકાર તરીકે ઘણાં ગામોમાં જઈ મુમુક્ષુઓને ધર્મની રુચિ જગાડી હતી.

સાવરકુંડલાનિવાસી (હાલ સોનગઢ) બ્ર. મુક્તાબેન જગજીવનદાસ દોશી (ઉ.વ. ૯૦)નું તા. ૧૧-૬-૨૦૧૬ના રોજ દેહપરિવર્તન કરેલ છે. તેઓ સૌથી પહેલાં પ્રતિજ્ઞા લેનાર ૬ બહેનોમાંથી એક હતા.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

---

શુદ્ધિપત્રક

| આત્મધર્મ અંક મે ૨૦૧૬ | પેજ નં. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| | ૧૬ | નાશ | નાથ |

## (૩૬)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

**(જીવના ભાવ સંબંધી પ્રશ્નોત્તર)**

(૧) જ્ઞાનનો ક્ષયોપશમ ન હોય—એમ ક્યારે બને ? .......................

(૨) એકવાર નાશ પામ્યા પછી ફરી આવી શકે—એ ભાવ ક્યો ? ......................

(૩) એકવાર નાશ પામ્યા પછી ફરી કદી ન આવી શકે—એ ક્યો ભાવ ?.................

(૪) રાગ તે ક્યો ભાવ ? .......................

(૫) મતિજ્ઞાન તે ક્યો ભાવ ? .....................

(૬) મોક્ષ તે ક્યો ભાવ ? .......................

(૭) મતિજ્ઞાનાવરણનો સંપૂર્ણ ક્ષય થાય ત્યારે ક્યું જ્ઞાન પ્રગટે ? .....................

(૮) ઉપશમભાવના કેટલા પ્રકારો ? .....................

(૯) ક્ષાયિકભાવના કેટલા પ્રકારો ? ....................

(૧૦) ક્ષયોપશમભાવના કેટલા પ્રકારો ? .......................

(૧૧) ઉદયભાવના કેટલા પ્રકારો ? .......................

(૧૨) ઉદયભાવની સાથે સદા હોય જ—એ ક્યો ભાવ ? .......................

(૧૩) ચોથા ગુણસ્થાનની પહેલાં ન હોય—તે ક્યા ભાવ ?

૧...................... ૨................

(૧૪) અગિયારમાં ગુણસ્થાન પછી ન હોય તે ક્યો ભાવ ? .......................

(૧૫) બારમાં ગુણસ્થાન પછી ન હોય તે ક્યો ભાવ ? .......................

(૧૬) પહેલા ગુણસ્થાને હોય ને ૧૩માં ગુણસ્થાને ન હોય તે ક્યો ભાવ ?.................

(૧૭) સંસારદશામાં જીવને ક્યો ભાવ સૌથી ઓછો કાળ રહે ? .......................

(૧૮) સાધકદશામાં જીવને ક્યો ભાવ સૌથી વધુ કાળ રહે ? .......................

(૧૯) સાધકભાવના કારણરૂપ ભાવો ક્યા ?

.................................................................

(૨૦) સાધકદશાની શરૂઆત ક્યા ભાવે ?

...................... ...................................................................

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્નો મે-૨૦૧૬ના ઉત્તરો

(૧) ઉપશમભાવ
(૨) (૧) ઉદયભાવ
(૨) ક્ષયોપશમભાવ
(૩) પાંચે ભાવ હોય છે.
(૪) ધર્મપ્રાપ્તિકાળે ઉપશમભાવ ઉપરાંત ક્ષયોપશમ, ઉદય અને પારિણામિકભાવ
(૫) ઉપર પ્રમાણે જ ચાર ભાવ હોય છે.
(૬) પાંચે ભાવ હોઈ શકે
(૭) (૧) ક્ષાયિક (૨) ઉદય
(૩) પારિણામિક
(૮) ઉપર મુજબ ત્રણે ભાવ હોય છે.
(૯) (૧) ક્ષાયિક, (૨) ક્ષયોપશમ
(૩) ઉદય (૪) પારિણામિક
(૧૦) પાંચે ભાવ હોઈ શકે.
(૧૧) ક્ષયોપશમભાવ
(૧૨) (૧) ઉદયભાવ
(૨) પારિણામિકભાવ
(૧૩) ઉપશમભાવ
(૧૪) ઉદયભાવ
(૧૫) ક્ષાયિકભાવ
(૧૬) મનુષ્યગતિમાં
(૧૭) ચારે ગતિમાં હોઈ શકે.
(૧૮) મનુષ્યગતિમાં
(૧૯) ચારે ગતિમાં
(૨૦) ચારે ગતિમાં

## (૩૬)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચે આપેલ પ્રશ્નોમાંથી તીર્થંકર ભગવાનનું નામ ઓળખીને લખો.)

(૧) એવા ક્યા તીર્થંકર છે કે તેમનો અને તેમના પુત્રનો જન્મ દિવસ એક જ હોય ? ...................

(૨) એવા ક્યા તીર્થંકર છે કે જેમની માસીએ તેમને આહારદાન કર્યું હોય ?............

(૩) એવા ક્યા તીર્થંકર છે કે વિદેહક્ષેત્રના તીર્થંકરે યાદ કરવાથી જેઓ વૈરાગ્ય પામ્યા હોય ? .......................

(૪) એવા ક્યા તીર્થંકર છે કે જેમનું ચિહ્ન ઝાડ (કલ્પવૃક્ષ) હોય ? ..................

(૫) એવા ક્યા તીર્થંકર છે કે જેમના પુત્રો જ તેમના ગણધર થયા હોય ? ..................

(૬) એવા ક્યા તીર્થંકર છે કે જેમને બે ઉત્તમ પુત્રીઓ હોય ? ..................

(૭) એવા ક્યા તીર્થંકર છે કે જેઓ અષાઢ સુદ છઠ્ઠે ત્રિશલા માતાની કૂંખે પધાર્યા હોય ? ..................

(૮) એવા ક્યા તીર્થંકર છે કે જેઓ ફાગણવદ નોમે જન્મ્યા હોય ? .................

(૯) એવા ક્યા તીર્થંકર છે કે જેઓ પોતે બે વખત (પૂર્વભવોમાં) તીર્થંકરપ્રભુના પુત્ર થયા, ને પછી પોતે તીર્થંકર થયા, ને તેમના ભાઈ તેમના ગણધર થયા ? .............

(૧૦) એવા ક્યા તીર્થંકર છે કે જેમના પુત્ર ચક્રવર્તી થયા હોય ? ..................

(૧૧) એવા ક્યા તીર્થંકર છે કે જેઓ તે ભવનાં ચક્રવર્તી પણ થયા હોય ? .................

(૧૨) એવા ક્યા તીર્થંકર છે તે જેમને ૧૦૦ પુત્રો થયા હોય ને તે બધાય પુત્રો તે જ ભવે મોક્ષ પામ્યા હોય ? ................

(૧૩) શ્રી નેમિનાથ ભગવાન ઉપરાંત બીજા એવા ક્યા તીર્થંકર છે કે જેઓ લગ્ન વખતે વૈરાગ્ય પામ્યા હોય ? ................

(૧૪) એવા ક્યા તીર્થંકર છે કે જેઓ મુનિદશામાં માત્ર છ દિવસ જ રહ્યા હોય ? ..............

(૧૫) એવા ક્યા તીર્થંકર છે કે જેમને સૌથી વધુ (૧૧૬) ગણધરો હતા ? ................

(૧૬) એવા ક્યા તીર્થંકર છે કે જેમના નિમિત્તે બે સર્પો ધર્મ પામ્યા હોય ? ................

(૧૭) એવા ક્યા તીર્થંકર છે તે જેઓ સૌરાષ્ટ્ર-ગુજરાતમાં સૌથી ઊંચા સ્થાને બિરાજતા હોય ? ....................

(૧૮) એવા ક્યા તીર્થંકર છે કે ભીમ વગેરે પાંડવોએ જેમનો ઉપદેશ સાંભળ્યો હોય ?

------------------------

(૧૯) એવા ક્યા તીર્થંકર છે કે જેઓ શ્રીકૃષ્ણના સગા થતા હોય ? ....................

(૨૦) એવા ક્યા તીર્થંકર છે કે જેમની સમીપે શ્રેણિક રાજા ક્ષાયિક સમકિત પામ્યા ?

................

---

# બાળકો માટેના આપેલ
# પ્રશ્ન મે–૨૦૧૬ના ઉત્તર

| | | | |
|---|---|---|---|
| (૧) | વર્ધમાન | (૧૧) | પાંચમું |
| (૨) | ચાર | (૧૨) | અજ્ઞાની |
| (૩) | મતિ | (૧૩) | ૨૦ |
| (૪) | શુભ | (૧૪) | વિનય સંપન્નતા |
| (૫) | દ્રવ્યકર્મ | (૧૫) | અવમોદર્ય |
| (૬) | પૂજ્યપાદસ્વામી | (૧૬) | ચાર |
| (૭) | શ્રીષેણ રાજા | (૧૭) | ઈર્યા |
| (૮) | બે | (૧૮) | ઔપશમિક |
| (૯) | એક | (૧૯) | ૧ થી ૧૩ |
| (૧૦) | ૧ થી ૧૪ | (૨૦) | ક્ષાયિક |

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● યોગીન્દ્રદેવે તો ચોક્ખું કહ્યું છે કે હિંસા, જૂઠું, ચોરી આદિ તો પાપભાવ છે. પણ દયા-દાન-પૂજા-ભક્તિ આદિનો શુભરાગ પણ પરમાર્થે પાપ છે, કેમ કે સ્વરૂપમાંથી પતિત કરે છે ને ! અહાહા ! પાપને તો પાપ સહુ કહે છે પણ અનુભવી જીવ તો પુણ્યને પાપ કહે છે. બહુ ઝીણી વાત છે, અંતરથી સમજે તો સમજાય તેવી છે. ૧૬૪.

● પ્રશ્ન :—જ્ઞાનીને દુઃખ જણાય છે કે વેદાય છે ?

ઉત્તર :—જ્ઞાનીને દુઃખ જણાય છે ને વેદાય પણ છે. જેમ આનંદનું વેદન છે તેમ જેટલું દુઃખ છે એટલું દુઃખનું પણ વેદન છે. ૧૬૫.

● જાણન—દેખન સ્વભાવમાત્રની દૃષ્ટિ કરતા નવતત્ત્વરૂપ પરિણમન અભેદમાં તો છે નહિ, ચેતનાસ્વભાવમાત્ર વસ્તુમાં ભેદ તો છે નહીં તેથી તેને જૂઠા કહી દીધા. પર્યાય પર્યાય તરીકે સત્ય છે, પણ લક્ષ કરવા માટે જૂઠી છે. દયા-દાન આદિ તો રાગ છે, તે લક્ષ કરવાલાયક નથી. પણ સંવર-નિર્જરા તે પણ લક્ષ કરવા લાયક નથી. જાણવા લાયક છે. ૧૬૬.

● જે વિકલ્પ ઊઠે છે તેને ધર્મી જાણે છે, વિકલ્પ છે તેને ધર્મી જીવ કરતો તો નથી. પણ વિકલ્પ સંબંધી જે જ્ઞાન થયું તેનો કર્તા વિકલ્પ નથી. રાગ આવે છતાં રાગ છે માટે રાગ સંબંધીનું જ્ઞાનીને જ્ઞાન થાય છે તેમ નથી. રાગને ને જ્ઞાનીના જ્ઞાનને જ્ઞેયજ્ઞાયકસંબંધ છે. છતાં રાગ છે તે જ્ઞાનનો કર્તા નથી. ૧૬૭.

● આનંદરસકંદ પ્રભુનો આસ્વાદ આવ્યા વિના અશુદ્ધભાવ છૂટતા નથી. ને અશુદ્ધ સંસ્કાર છૂટ્યા વિના સ્વરૂપનો અનુભવ થતો નથી. રાગની એકતાના સંસ્કાર છૂટ્યા વિના શુદ્ધસ્વરૂપનો અનુભવ થતો નથી. ને શુદ્ધસ્વરૂપનો અનુભવ થયા વિના રાગની એકતાના સંસ્કાર છૂટતા નથી. મહિમાવંત એવા પ્રભુનો મહિમા આવ્યા વિના તુચ્છતાના-પામરતાના સંસ્કાર છૂટશે નહીં. ને તુચ્છતાના—પામરતાના સંસ્કાર છૂટ્યા વિના મહિમાવંત પ્રભુની મોટાઈ લાગશે નહીં. તેથી અશુદ્ધતા જાય ને શુદ્ધતા થાય તે એક જ કાળે છે. ૧૬૮.

● પોતે અંતરમાં નથી જઈ શકતો તેનું કોઈ કારણ તો હોવું જોઈએ ને ? અનંત ગુણનો અપાર મહિમાવંત પ્રભુ છે તેમાં ન જવાનું કોઈ કારણ તો હશે ને ?—કાં પરનું અભિમાન, કાં રાગનું અભિમાન, કાં પોતે ક્યાં અટકે છે તેની ખબર નથી (વગેરે.) તેથી અંતરમાં જઈ શકતો નથી. ૧૬૯.

૩૬

આત્મધર્મ
જૂન-૨૦૧૬
અંક-૧૦ ● વર્ષ-૧૦

Posted at Songadh PO
Publish on 1-6-2016
Posted on 1-6-2016

Registered Regn. No. BVR-367/2015-2017
Renewed upto 31-12-2017
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## સોનગઢમાં પુણ્યની વિશેષતા

ચોવીસે કલાક આત્મકલ્યાણની જ ભાવનાનું રટણ રહ્યા કરે, અને પરમ સત્ય તત્ત્વજ્ઞાનનો જ આદર તથા બહુમાન રહ્યા કરે તો તત્ત્વનો, વિચાર આવે અને તેની મુખ્યતા, ને સ્વપ્ના પણ તેને જ લગતા,—એવી હાલતમાં જે ઊંચા પુણ્ય બંધાઈ જાય છે તેવાં પુણ્ય પણ બીજે ક્યાં હશે ? અને સત્-અસત્નો વિવેક કરીને સમજે છે તે તો અપૂર્વ કલ્યાણનું કારણ છે. મોટો ફેર એ છે કે તેઓ તે પુણ્યમાં ધર્મ માનતા નથી, તેની રુચિ કરતા નથી. વળી એવી જ રીતે સત્ સમજવા તરફનો વિકલ્પ, સત્દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ-બહુમાન અને ઉચ્ચ ભાવના રહ્યા કરે તે શું વ્યવહાર નથી ? સોનગઢ જેવો સદ્વ્યવહાર પણ બીજે નહિ હોય ! પરંતુ, તે વ્યવહાર કરતાં કરતાં ધર્મ થશે—એવી મિથ્યા માન્યતા તેઓ માનતા નથી. પુણ્ય અને વ્યવહાર તથા તેનાં નિમિત્તો—એ તો બધું છે પરંતુ તેનાથી આત્માનો ધર્મ થશે—એવી માન્યતાનો નિષેધ છે—ધર્મ તો આત્માનો શુદ્ધ સ્વભાવ ઓળખવાથી જ થાય છે. જ્ઞાનીઓ પહેલા પુણ્ય છોડાવતા નથી પરંતુ પુણ્યની રુચિ છોડાવે છે, પુણ્યની ભાવના અથવા તો પુણ્યથી ધર્મ થાય—એવી મિથ્યા માન્યતા જ છોડાવે છે.

Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org